GJBH030078652023

| | |
|---|---|
| રજુ તારીખ:– | ૦૪/૦૮/૨૦૨૩ |
| દાખલ તારીખ:– | ૦૪/૦૮/૨૦૨૩ |
| નિકાલ તારીખ:– | ૨૪/૦૬/૨૦૨૬ |
| સમયગાળો:– | વર્ષ–માસ–દિવસ |
| | ૦૨ – ૧૦ –૨૦ |

**અંકલેશ્વરના મે. બીજા એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.અંકલેશ્વર.**

**ક્રિ.પ.અ.નં.– ૪૮૮/૨૦૨૩**

આંક:–

**અરજદાર :–** **કૈલાશબેન તે ચેતનકુમાર સોલંકીની પત્ની તે રવિન્દ્રભાઈ સોલંકીની પુત્રી**
રહે. ઘર નં.૮૦, રાજ હોમ્સ, જીતાલી,
તા.અંકલેશ્વર, જી.ભરૂચ

**વિરૂધ્ધ:–**

**સામાવાળા:–**
(૧) **ચેતનકુમાર અશોકભાઈ સોલંકી** **(પતિ)**
(૨) **અશોકભાઈ ત્રિભુવનદાસ સોલંકી** **(સસરા)**
(૩) **સવિતાબેન અશોકભાઈ સોલંકી** **(સાસુ)**
(૪) **તરૂનભાઈ અશોકભાઈ સોલંકી** **(દિયર)**
તમામ રહે. લાલ બજાર ખાડી,
વાલ્મીકીવાસ, ભરૂચ, જી.ભરૂચ

**અરજ:– ધી ડોમેસ્ટીક વાયોલન્સ એકટની કલમ–૧૨,૧૮,૧૯,૨૦,૨૨,૨૩ મુજબ.**

| | |
|---|---|
| **અરજદાર તર્ફે વિ.વ.શ્રી** | **એસ.એ. વશી/ આર.પી. ભરથાણીયા** |
| **સામાવાળા તર્ફે વિ.વ.શ્રી** | **વી.કે.પાટીલ** |

**–:: જજમેન્ટ::–**

(૧) અરજદારની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, અરજદાર તેમની અરજીમાં જણાવેલ સરનામે તેમના ભાઈનાં અને કાકા–કાકી સાથે ભાડેથી મકાનમાં રહે છે. અરજદારનાં લગ્ન આ કામનાં સામાવાળા નં.–૧ સાથે હિંદુ શાત્ર મુજબ હિંદુ ધર્મની ધાર્મિક વિધિ મુજબ સમાજનાં લોકો તથા સાક્ષીઓની રૂબરૂમાં તા.–૧૯/૦૫/૨૦૧૧ નાં રોજ મક્તમપુર, મોસીન મિયાની ચાલ, ભરુચ મુકામે કાયદેસર રીતે થયેલા અને ત્યારથી અરજદાર સામાવાળા નં.–૧ નાં કાયદેસરનાં પત્ની બનેલા છે. અરજદારના ભાઈ અને કાકા–કાકીએ તથા સગા–સંબંધીઓ ધ્વારા આપવામાં આવેલ કરિયાવરનો સરસમાન તથા લગ્ન સમયે મળેલ ભેટ સોગાદો તેમજ ૮ ચાંદીની લંકી, ૨ સોનાની વીટી, ૧ સોનાની ચેન, ચાંદીના સાકળા, ચાંદીના ઝૂંડો, ચાંદીની વીટી, ચાંદીનો દોરો, ઘડિયાળ, તીજોરી કબાટ, તથા કપડા તથા અન્ય વાસણો તથા અન્ય ભેટ સોગાદો સાથે અરજદાર સામાવાળા નં.–૧ નાં ઘરે સંયુક્ત કુટુંબમાં ઘરસંસાર કરવા ગયેલા તેમજ અરજદારનાં શ્રીમંત સંસ્કાર વિધિ વખતે અરજદારના કાકા–કાકીએ અરજદારને ઘરનાં વાસણ, સોનાની વીટી, ઘડિયાળ, કમર ઝૂડો ચાંદીનો, આપેલ. જે હાલ સામાવાળાઓ પાસે છે. ત્યારબાદ અરજદાર સામાવાળા નં.–૧ નાં ઘરે સંયુક્ત કુટુંબમાં ઘરસંસાર કરવા ગયેલા. ત્યાં સામાવાળા નં.–૨ અશોકભાઈ ત્રિભુવનદાસ સોલંકી સસરા તથા સામાવાળા નં.–૩ સવિતાબેન અશોકભાઇ સોલંકી સાસુ નાંઓ અને સામાવાળા નં.–૪ તરૂનભાઈ અશોકભાઈ સોલંકી દિયર સાથે અરજદાર રહેતા હતા. અરજદારને સામાવાળા નં.–૧ થકી તા.–૨૨/૦૭/૨૦૧૧ નાં રોજ પુત્રી દ્રષ્ટિ ચેતનકુમાર સોલંકીનો જન્મ થયેલ અને હાલ તે ૧૧ વર્ષ ની છે. જે ધોરણ–૬ માં લાઈન્સ ઇંગ્લીશ સ્કૂલ,જી.આઇ.ડી.સી,અંકલેશ્વર મુકામે અભ્યાસ કરે છે અને પુત્રીનાં જન્મનાં ૯ મહિના બાદ છઠ્ઠી વિધિ વખતે ૨–સોનાનાં પેડલ, ૨–સોનાની વીટી, ૧–સોનાની બુટી, ૧–સોનાની કડી, અને ચાંદીના હાથના પંઝા તે તેઓની પુત્રીને આપેલ હતું. જે હાલ સામાવાળાઓ પાસે છે.

(૧.૨) વધુમાં, અરજદાર તથા સામાવાળા નં.–૧ નાં થોડો સમય લગ્ન જીવન સારું રહેલ. થોડા સમય બાદ અરજદારને જાણવા મળેલ કે સામાવાળા નં.–૧ ને દારૂ પીવાની આદત છે. અને સામાવાળા નં.–૧ રોજબરોજ દારૂ પીને આવતા હતા અને અરજદાર સાથે ઝગડો કરતાં હતા તથા સામાવાળા નં.–૧ અન્ય પણ કેટલીક ખોટી આદતો ધરાવતા હતા, તથા સદર આદતો લગ્ન પહેલાની હોય તેમ છતાં સામાવાળા નં.–૧ તથા તેમના ઘરનાં સભ્યોએ તે હકીકત અરજદારને જણાવેલ નહીં અને અંધારમાં રાખીને સદર લગ્ન કરાવેલ હતા. ત્યારબાદ સામાવાળા નં.–૧ અવર નવાર અરજદાર સાથે ઝઘડો કરતાં હતા અને ખોટા

ખોટા વહેમો અને શંકાઓ ધરાવતા હતા અને અરજદારને કોઈની સાથે વાત કરે તો સામાવાળા નં.–૧ ચેક કરતાં હતા અને કોની સાથે વાત કરતી હતી? શું વાત કરતી હતી? કેમ ફોન કરેલો? તેમ જણાવીને શક કરતાં હતા અને ના બોલવાના શબ્દ અને અપશબ્દો અરજદારને બોલતા અને ગંદી ગંદીગાળો બોલતા હતા તથા અરજદાર ખરીદી કરવા કે શાકભાજી લેવા જતાં તો વહેમ રાખતા અને પૂછપરછ કરતાં અને ક્યાં ગઈ હતી?, શું કામ હતુ?, કોની સાથે ગયેલી?, કોની સાથે શું વાત કરી?, તેમ કરી અરજદાર સાથે ઝઘડો કરતાં અને ન બોલવાના અપશબ્દ અને ગાળો બોલતા હતા, આમ છતાં અરજદારએ સામાવાળા નં.–૧ નો ત્રાસ સહન કરેલો. સામાવાળા નં.–૧ ને દારૂ પીવાની આદત હોય જેથી સામાવાળા નં.–૧ રોજબરોજ દારૂ પીને આવતા હતા અને નશાની હાલતમાં અરજદાર સાથે ઝઘડો કરતાં તથા મારપીટ કરતાં અને મારતા હતા તથા ઘરમાં તોફાન કરી સામાન તોડી નાખતા અને ગાળો બોલતા, તથા અરજદારને સામાવાળા નં.–૧ થી સામાવાળા નં.–૪ નાં સાસુ, સસરા, તથા સામાવાળા નં.–૧ એ અરજદારને હેરાનગતિ શારીરિક તથા માનસિક ત્રાંસ આપતા. આમ, સામાવાળા નં.–૧ એ અરજદારને લગ્ન થયા બાદથી જ હેરાન પરેશાન કરવાનું અને દારૂ પીને માર મારવાનું ગાળો બોલવાનું, અપમાનિત કરવાનું શરૂ કરી દીઢેલ અને અસહય ત્રાસ આપના અને અરજદારને ઘરમાં બહાર કાઢી મુકેલ જેથી અરજદારના ભાઈ અને કાકી અરજદારને લેવા આવેલ, આથી અરજદાર અને સામાવાળા નં.–૧ વચ્ચે ભરુચ કોર્ટમાં ૨૦૧૮માં કેસ કરેલ. જેથી સામાવાળા નં.૧એ અરજદાર સાથે લગ્ન જીવન ભોગવવું હોય સામાવાળા નં.–૧ એ અરજદારને બાંહેધરી પત્ર લખી આપેલ હતું અને સામાવાળા નં.–૧ એ જે જે કૃત્યો કરેલા તેની અરજદાર પાસે માફી માંગેલી અને હવે પછી તેવા કોઈ કૃત્યો સામાવાળા નં.–૧ તથા સામાવાળાનાં ઘરનાઓ કરશે નહીં તેવી લેખીતમાં બાંહેધરી આપેલી અને તે કોર્ટમાં આપેલ. ત્યારબાદ અરજદાર સાથે ફરીથી સામાવાળા નં.–૧ એ લગ્ન સંસાર શરૂ કરેલ. અને અરજદારને પણ સામાવાળા નં.–૧ તથા સામાવાળાનાં ઘરની તમામ ભુલો ક્ષમા કરીને સામાવાળા નં.–૧ નાં ઘરે લગ્નજીવન ભોગવવા સારું આવેલા હતા. અરજદારએ ૩ મહિના સુધી તેમના પરિવારજનોએ સાથે તથા ૩ મહિના અલગ પતિ સાથે રહેલ. તે સમયે મારા કાકા–કાકીએ અરજદારને ઘર સમાન આપેલ હતો.

(૧.૩) આમ, સામાવાળા નં.–૧ અરજદારને ફરીથી તેડી ગયા બાદ શરૂઆતમાં થોડો સમય સારી રીતે વર્તન રાખેલ પણ ત્યારબાદ સામાવાળા નં.–૧ થી ૩ નાં ઘરના સભ્યોના વર્તન અગાઉની જેમ થઇ ગયેલા અને સામાવાળા નં.–૧ રોજેરોજ દારૂ પીને આવતા અને અગાઉ

જે રીતે શારીરિક અને માનસિક ત્રાસ આપતા હતા તે રીતે ફરીથી વર્તન કરવા લાગેલા અને અમો અરજદાર પર ખોટો વહેમ અને શંકા કરવા લાગેલા હતા તથા મેણા ટોણાં મારવા લાગેલા અને અરજદારનું જીવન ફરીથી નર્ક સમાન બનાવી દીધેલ, અને એક નોકરાણીની જેમ રાખતા હતા અને કોઈ માન કે સન્માન રાખવામાં આવતું નાં હોય અને જેના કારણે સામાવાળા નં.−૧ એ આપેલ બાંહેધરી મુજબનું વર્તન નહીં કરતાં અરજદારને ખુબ જ શારીરિક અને માનસિક ત્રાસ આપેલો. આમ, સામાવાળા નં.−૧એ અરજદારને ફરીથી તેડી લાવ્યા બાદ પણ આપેલી બાંહેધરીય મુજબનું વર્તન નહીં કરીને અરજદારને અગાઉની જેમ જ શારીરિક અને માનસિક ત્રાસ આપેલા હોય અને ગેરકાયદેસર રીતે ત્યાગ કરેલો હોય જેથી નાછુટકે અરજદારએ તા.−૨૧/૧૧/૨૦૨૧ નાં રોજ તેમના ભાઈ અને કાકા−કાકીને ત્યાં આવી ગયેલા અને નાછૂટકે અરજદાર તેમના ભાઈ અને કાકા−કાકી સાથે ભાડેનાં મકાનમાં ત્યાં ઓશીયાળુ જીવન વિતાવવાનો સમય આવી ગયેલ, ત્યારબાદ પણ સામાવાળા નં.−૧ એ અરજદાર અને પુત્રીને તેડવાનો કે તેડી જવાનો કોઈ પ્રયત્ન કરેલો નથી કે અરજદાર અને પુત્રીની ભરણપોષણની કોઈ વ્યવસ્થા કરેલી નથી. તથા સામાવાળા નં.−૨ પણ અલગથી કમાતા હોય તેમાથી ઘરખર્ચ તેઓ કરતાં આવેલા છે, જેથી સામાવાળા નં.−૧ નાં શીર અરજદાર અને પુત્રી સિવાય અન્ય કોઈનાં ભારણપોષણની જવાબદારી રહેલી નથી, તેમછતાં સામાવાળા નં.−૧ એ તેવી કોઈ ફરજ અદા કરેલી નાં હોય તેથી અરજી કરવાની ફરજ ઉભી થયેલી છે. લગ્ન જીવન દરમિયાન સામાવાળા નં.−૧ અરજદારનાં મારા ભાઈ અને કાકા−કાકી સાથે ઘરે ૬ મહિના સાથે રહેલા અને ત્યાં પણ સામાવાળા નં.−૧ અરજદારને હેરાનગતિ અને મારઝૂડ કરતાં હતાં, તથા અરજદારના કાકીનાં નામે રૂ.૨,૦૦૦/− (અંક બે હજાર પુરા)ની રકમનાં હપ્તે થી રૂ.૩૫,૦૦૦/− (પાંત્રીસ હજાર પુરા)ની રકમની લોન લીધેલ. જેના પણ ફક્ત બે (૨) જ હપ્તા સામાવાળા નં.−૧ એ ભરેલ. ત્યારબાદ બાકીનાં બધા હપ્તા અમો અરજદારની કાકીએ ભરેલા, આ હપ્તા ૨ વર્ષ ના હતા. અરજદારને નવેમ્બર−૨૦૨૧માં મને ઘરમાં મારઝૂડ કરી તથા ઉપર થી નીચે ફેંકી દીધેલી. જેથી અરજદારની દીકરીએ કાકા સસરાને બોલાવી લાવેલ અને સામાવાળા નં.−૧ ને રોકેલ. આ ઉપરાંત ડિસેમ્બર−૨૦૨૧ માં અરજદારને મારી નાખવાનાં ઈરાદે અરજદાર પર ગરમ પાણી નાખી દીધેલ હતું. જેથી અરજદારનુ શરીર બળી ગયેલ, તેથી અરજદારને ૧૦દિવસ સુધી ઈ.એ.સાઈ. હોસ્પિટલ, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર મુકામે દાખલ કરેલ. હોસ્પિટલમાં સારવાર દરમિયાન રૂ.૨૦,૦૦૦/− (એક વીસ હજાર પુરા)ની રકમનો ખર્ચ થયેલો જે અરજદારની કાકીએ આપેલ. આ ઉપરાંત સામાવાળા નં.−૧ એ અરજદારની પુત્રીને એમ કહેલ કે, "તું મારી દીકરી નથી, તું કોઈ બીજાની દીકરી છે. તારો

મારા પર કોઈ હક્ક નથી, તારે મને પપ્પા નહીં કહેવાનું." અને અરજદાર પુત્રીને પણ ગમે તેમ અપશબ્દ બોલી, મારઝૂડ કરતાં તથા શારીરિક અને માનસિક ત્રાંસ આપેલ.

(૧.૪) તા.૧૮/૧૨/૨૦૨૨ નાં રોજ અરજદાર પુત્રીને બળજબરી–પૂર્વક લઈ જવાનાં ઈરાદે સામાવાળા નં.–૧ સ્કૂલે આવી ગયેલા. જેથી પુત્રી ખૂબ ગભરાઈ ગયેલ તે બાબતે અરજદારે જી.આઈ.ડી.સી. પોલીસ સ્ટેશન, અંકલેશ્વર મુકામે ફરિયાદ દાખલ કરાવેલ. અરજદારને સામાવાળા નં.–૨ સસરા અને સામાવાળા નં.–૩ સાસું નાં પણ અરજદારને ગમે તેમ બોલી હાથમાં જે કાઇક વસ્તુ આવે તે અરજદારને મારી દેતા. અરજદારને સામાવાળા નં.–૨ સસરા અને સામાવાળા નં.–૩ સાસું અરજદારના સગા સંબંધીને ફોન કરીને ગમે તેમ ગાળો આપતા, તથા ઘરનાં કોઈ વ્યક્તિ અરજદારને મળવા અરજદારની સાસરીમાં આવતા તો અરજદારને મળવા દેતા નહી અને તેમની સામે અરજદારને ગાળો આપી અરજદારને શારીરિક તથા માનસિક ત્રાંસ આપતા આવેલા છે. ૨૦૨૦ માં અરજદારને બીજી વખતની પ્રેગ્નેન્શી રહી ગયેલ, જેની સામાવાળા નં.–૧ તથા સામાવાળા નં.–૨ સસરા અને સામાવાળા નં.–૩ સાસું ને જરાય ખુશી થયેલ નહીં અને સામાવાળા નં.–૧ થી સામાવાળા નં.–૪ એ ઈરાદા પૂર્વક અરજદારનું મિસ કરેજ કરેલું. તે સમયે અરજદાર અને પુત્રી સાસરીમાં રહેતા હતા. જેની સારવારનો ખર્ચ રૂ.૩૦,૦૦૦/–(અંકે ત્રીસ હજાર પુરા)ની રકમનો ખર્ચ થયેલ. જે અરજદારનાં કાકીએ આપેલ. આમ, અત્યાર સુધીનાં હોસ્પિટલનાં કોઈપણ ખર્ચા સામાવાળા નં.–૧ એ ચૂકવેલ નહીં તમામ ખર્ચા અરજદારનાં ભાઈ અને કાકીએ ચુકવેલ છે. અને સામાવાળા નં.–૧ ને જ્યારે પૈસાની જરૂર પડે અરજદારનાં ભાઈ પાસેથી માંગી લેતા અને એક પણ રકમ પરત કરેલ નથી. ત્યારબાદ સવા મહિનામાં અરજદાર સાથે ક્રૂરતા ભરીચું વર્તાવ કરતાં અને અરજદારને મારઝૂડ કરતાં તથા શારીરિક તથા માનસિક ત્રાંસ આપતા આવેલા છે. અરજદારનાં લગ્નમાં મળેલ તમામ ભેટસોગાદો, કપડાલત્તાં, સોના ચાંદીના દાગીનાં માંથી અડધા દાગીનાં સામાવાળા નં.–૧ એ વેચી દીધેલ અને બીજા તેઓએ લઈ લીધેલા છે અને જે કાઈ રોકડ રકમ મળેલી તે પણ સામાવાળા નં.–૧ એ લઈ લીધેલી છે અને અરજદારને કોઈ વસ્તુ આપવામાં આવી નથી, આ ઉપરાંત અરજદારની પુત્રીને સોનાની વસ્તુઓ પણ સામાવાળા નં.–૧ એ વેચી દીધેલ છે. તથા લગ્ન જીવન દરમિયાન અરજદાર તથા પુત્રીને લઈને સામાવાળા નં.–૧ સાથે અલગ રહેવા ગયેલ ત્યારે પણ અરજદારનાં કાકા–કાકીએ ફ્રિજ, ટીવી તથા ઘરનો તમામ સામાન આપેલ તે તમામ સમાન પણ સામાવાળા નં.–૧ એ અરજદારને પરત કરેલ નથી.

(૧.૫) આમ, અરજદાર અને પુત્રીનો કાયદેસરનાં વ્યાજબી કારણ વિના સામાવાળા નં.–૧ એ ત્યાગ કરેલ છે. તેથી અરજદારને હાલની અરજી કરવાનું કારણ બનેલ છે. સામાવાળા નં.– ૧ તેઓના પતિ રિધ્ધિ–સિધ્ધી એન્ટરપ્રાઈઝ માં નોકરી કરે છે. અને તેમનો આશરે રૂ.૩૦,૦૦૦/– (અંકે ત્રીસ હજાર પુરા)ની રકમ જેટલો માસિક પગાર છે. તથા સામાવાળા નં.–૨ ભરૂચ નગર પાલિકામાં નોકરી કરતાં હતા અને તેઓ રીટાયર્ડ છે અને તેમનું માસિક પેન્શન આશરે રૂ.૨૦,૦૦૦/– (અંકે વીસ હજાર પુરા)ની રકમ જેટલુ છે. આમ, સામાવાળા નં.–૧ ની માસિક રૂ.૩૦,૦૦૦/– (અંકે ત્રીસ હજાર પુરા) ની રકમ જેટલી આવક ધરાવે છે. જેથી સામાવાળા નં.–૧ પર અરજદાર તથા પુત્રી દ્રષ્ટિ સિવાય અન્ય કોઈની ભરણપોષણની જવાબદારી નથી. જેથી સામાવાળા નં.–૧ અરજદાર તથા પુત્રી દ્રષ્ટિ નો તમામ ખર્ચ તથા ભરણપોષણ ચુકવવા જવાબદાર છે. સદર તમામ હકીકત જણાવી અરજદારે તેમની અરજીના પેરા–૧૮ માં જણાવ્યા મુબજની દાદ માંગેલ છે.

(૨) હાલની અરજી દાખલ કરતા પ્રોટેકશન ઓફીસર,જીલ્લા સમાજ સુરક્ષા કચેરી,ભરૂચ નો રીપોર્ટ મંગાવવા ચાદી કરેલી જે રીપોર્ટ રજુ થતા સામાવાળા વિરુધ્ધ નોટીસ ઈશ્યુ કરવા યોગ્ય આક્ષેપો હોઈ,આ કામે સામાવાળા વિરુધ્ધ જ નોટીસ કાઢવાનો હુકમ કરવામાં આવેલ.

(૩) આ કામે સામાવાળાઓને નોટીસ કરતા સામાવાળાઓ હાજર થયેલ અને સામાવાળાઓએ આંક–૮ થી અરજદારની અરજી વિરૂધ્ધ લેખીત જવાબ રજુ કરેલ છે. જેમા તેઓએ આ કામના અરજદારની અરજી તદન ખોટી, પાચા વિહોણી અને ગેરકાયદેસર હોવાનુ તથા અરજાદરનાએ સદર અરજીના કથનો તદન ખોટા હોય જેથી આ અરજી રદ થવાને પાત્ર હોવાનુ જણાવી અરજદારની અરજીની વિગતોનો પેરા વાઈઝ ઈનકાર કરી ખરી હકીકતે જણાવે છે કે, સામાવાળા નં. ૧ તથા તેમના કુટુંબીજનો અરજદારને લગ્ન કરીને આવ્યા બાદ સંયુક્ત કુટુંબમા રહેતા અને ખૂબ જ સારી રીતે અરજદારને રાખતા હતા તથા અરજદારની તમામ જીવન–જરૂરિયાતની વસ્તુઓ પુરી પાડતા હતા તથા તેમની દરેક ઈચ્છાઓને સામાવાળા નં. ૧ પુરી કરતા હતા તથા ખૂબ જ સારી રીતે સામાવાળાઓ તેઓને રાખતા હતા. અરજદાર સાથે સામાવાળા નં. ૧ ના લગ્ન તા.૧૯/૦૫/૨૦૧૧ ના રોજ ભરૂચ મુકામે થયેલા ત્યારે અરજદારને કન્યાદાનમાં જે કંઈ પણ વસ્તુઓ મળેલ હતી તે તમામ વસ્તુઓ અરજદાર સામાવાળાઓના ઘરે લાવેલ ન હતા. કન્યાદાનની તમામ

વસ્તુઓ અરજદાર પોતાના પિયરમાં મુકીને જ આવેલા હતા. તથા તેઓએ સોના–ચાંદીના દાગીના સામાવાળાઓને કદી બતાવેલા પણ નથી તથા સામાવાળાઓના ઘરે લાવેલા પણ નથી. જેથી અરજદારે પેરા નં. ૧ માં જણાવેલ કન્યાદાન બાબતની વસ્તુઓની જે કથનો જણાવેલા છે તે તદ્દન ખોટા અને ઉપજાવી કાઢેલા છે. લગ્ન કર્યા બાદ અરજદાર સામાવાળા નં. ૧ ના ઘરે સંયુક્ત કુટુંબમાં રહેવા આવેલા પરંતુ અરજદાર ખૂબ જ મોજ–શોખથી રહેવા ટેવાયેલા હોય તથા તેઓ વસ્તુઓ પાછળ ખૂબ જ ખર્ચા કરવા ટેવાયેલા હોય અને સામાવાળા નં.૧ ખૂબ જ સામાન્ય નોકરી કરતા હોય અને સામાવાળાનો પગાર ખૂબ જ ઓછો હોય સામાવાળા નં. ૧ અરજદારને પગારમાંથી જેટલુ થાય એટલી બધી જ તેમની મોજ–શોખની વસ્તુઓ પુરી પાડતા હતા છતાં પણ અરજદાર કાયમ સામાવાળા નં. ૧ ને “તમો કંઈ કમાતા નથી, તમે કંઈ કામના નથી લોકોના ઘરવાળા પોતાની પત્નીને બહાર જમવા લઈ જાય છે, પિક્ચર જોવા લઈ જાય છે અને પોતાની પત્નીને દરેક જાતની વસ્તુઓ અપાવે છે તમો અમને કશુ અપાવતા નથી” તેવુ કહી સામાવાળા નં. ૧ સાથે લડાઈ–ઝઘડાના બહાના શોધી ઘરમાં કંકાશ કરતા હતા. તથા આ કામના અરજદારને સંયુક્ત કુટુંબ હોય ઘરમાં કામ ન કરવું હોય જેથી કામ બાબતે સામાવાળા નં. ૧ સાથે લડાઈ ઝઘડો કરી સામાવાળા નં. ૧ ને તથા તેમના માતા–પિતા તથા ભાઈને ગમેતેમ અપશબ્દ બોલીને અપમાન કરતા હતા તથા એક વહુને ન શોભે તેવુ અસભ્ય વર્તન સામાવાળા નં. ૧ તથા તેમના માતા–પિતા તથા ભાઈ સાથે રાખતા હતા. છતાં પણ સામાવાળા નં. ૧ અરજદારની આ તમામ ભુલોને માફ કરી ઘર સંસાર નિભાવવાનો દરેક પ્રયત્ન કરતા હતા. છતાં પણ અરજદાર ખૂબ જ જીદ્દી સ્વભાવના હોય તેઓ તેમના સ્વભાવના લીધે સામાવાળા નં.૧ તથા તેમના કુટુંબીજનો સાથે ગેરવર્તન કરતા આવેલા છે. ત્યાર બાદ સને ૨૦૧૮ પછી અરજદાર તથા સામાવાળા નં.૧ અને તેઓના સગીર બાળક સાથે અલગ ભાડે ઘર રાખી રહેતા આવેલા હતા. સામાવાળા નં. ૧ ને કોઈ દારૂ પીવાની ટેવ નથી કે સામાવાળા નં.૧ એ કદી આ કામના અરજદાર ઉપર કોઈ માનસિક કે શારીરિક ત્રાસ ગુજારેલો નથી. સામાવાળા નં. ૧ અરજદાર તથા દિકરીને ખૂબ જ સારી રીતે રાખતા હતા તથા અરજદાર તથા તેઓની દિકરીની તમામ જરૂરીયાતો પુરી પાડતા આવેલા છે. આ કામના અરજદાર સને ૨૦૨૧ ની સાલમાં સામાવાળા નં. ૧ સાથે કોઈપણ કારણોસર નાની મોટી બાબતે ઝઘડો કરી ઘરમાં કંકાશ કરીને જાતે જ સામાવાળા નં. ૧ નો ત્યાગ કરેલ છે તથા તેઓ તેમના પિયરમાં ચાલી ગયેલ છે. ત્યારબાદ સામાવાળા નં.૧ એ તથા તેઓના કુટુંબીજનોએ અરજદારને ઘણી વખત તેડવાના પ્રયત્ન કર્યા છે. તથા અરજદારને તથા તેમના ભાઈને ઘણી વખત ફોન કરી અરજદારને ઘરે પાછા લાવવાના ઘણા પ્રયત્નો કર્યા છે પરંતુ સામાવાળા નં. ૧ જ્યારે પણ

અરજદારને તેમના ઘરે પિયરમાં સમજાવા જતા હતા ત્યારે તેઓ હંમેશા સામાવાળા નં.૧ તથા તેઓના માતા–પિતાનું અપમાન કરી સામાવાળા નં. ૧ ને ઘરમાંથી કાઢી મુકતા હતા તથા સામાવાળા નં. ૧ ને અરજદાર એવી ધમકી આપતા હતા કે, “હું તારા ઘરે આવવાની નથી, તારા પર કેસ કરી તને હેરાન કરી મુકીશ." આમ, સામાવાળા નં. ૧ નાએ સમાધાનના ઘણા પ્રયત્ન કરવા છતાં અરજદાર તેઓની સગીર દીકરીને તેમની સાથે લઈ ગયેલ જે આજદિન સુધી તેઓના પ્રયત્ન છતાં પરત આવેલ નથી. અને સામાવાળા નં.૧ નો અરજદારે કોઈપણ જાતના વ્યાજબી કારણ વગર ત્યાગ કરેલ છે.

(૩.૧) સામાવાળા નં.૧ એ આ કામના અરજદારને તેઓની બાળકી સાથે ભાડેથી ઘર અલગ રાખીને ઘર સંસાર નિભાવતા હતા છતાં પણ આ કામના અરજદારે કદી પણ એક પત્ની તરીકેનું વર્તન તેઓની સાથે કરતા ન હતા અને તે સામાવાળાને તેમના મા–બાપ થી અલગ જ રાખવા માંગતા હતા અને સામાવાળાના મા–બાપ સાથે તથા ભાઈ–બહેન સાથે કોઈપણ જાતનો સંપર્ક કે વ્યવહાર રાખવા દેવા માંગતા ન હતા. આમ, આ રીતે આ કામના અરજદાર સામાવાળાઓને માનસિક ત્રાસ આપી હેરાન–પરેશાન કરતા હતા. સામાવાળા નં. ૧ ધો.૯ સુધી અભ્યાસ કરેલો છે તથા સામાવાળા MAS RURAL HOUSING & MORTGAGE FINANCE LTD. અંકલેશ્વર ખાતે નોકરી કરી માસિક રૂપિયા ૧૨,૦૦૦/– પગાર ધરાવે છે. સામાવાળાના માતા–પિતા ખૂબ જ વયોવૃદ્ધ છે. તથા તેઓની પણ જવાબદારી સામાવાળા નં.૧ ઉપર છે. તથા સામાવાળા નં. ૧ નો નાનો ભાઈ અલગ તેમના ઘર પરિવાર સાથે રહે છે. જેથી પણ સામાવાળા નં. ૧ ઉપર માતા–પિતાની તથા બીજી સામાજીક જવાબદારીઓ પણ છે. આ કામના અરજદાર સામાવાળા નં.૧ કરતા વધુ અભ્યાસ કરેલ છે અને આ કામના અરજદાર પોતે સોહમ એજન્સી માં કામ કરી મહિને રૂપિયા ૮,૦૦૦/– જેટલી આવક ધરાવે છે. અને આ કામના અરજદાર સામાવાળા કરતા વધારે સક્ષમ છે. અને સારો એવો પગાર મેળવી પોતે પોતાનું ગુજરાન ચલાવી શકે છે. અને અરજદારે પોતે પણ સારો એવો અભ્યાસ કરેલો છે. આમ, અરજદાર પોતે મહિને સારી એવી આવક ધરાવતા હોય અને પોતાનું ગુજરાન જાતે ચલાવી શકતા હોય અને પોતાનું ભરણ–પોષણ જાતે કરી શકે તેવા સક્ષમ છે. સદર કામના અરજદારે સામાવાળાની સગીર દિકરીને લઈને કોઈપણ જાતના વ્યાજબી કારણ વગર અમારા લગ્ન જીવનનો ત્યાગ કરેલો હોય સદર અરજી ચાલવાપાત્ર નથી. જેથી સદર અરજીના પેરા (૧૮) માં માંગેલ તમામ દાદ નામંજૂર કરી સદર અરજી ખર્ચ સહિત નામંજૂર કરવા આપ નામદાર કોર્ટને અરજ છે. આમ અરજદાર સામાવાળા નં. ૧ સાથે ઘર કરવા માંગતા નથી તેવું સ્પષ્ટ જાહેર થાય છે. તથા આ કામના

અરજદાર પહેલે થી જ સામાવાળા માતા–પિતા તથા કુટુંબથી સામાવાળાને અલગ રાખવાનો ઈરાદો ધરાવતા હતા. આમ, અરજદાર એક પત્ની તરીકેની કોઈપણ ફરજો નિભાવેલ નથી. જેથી સામાવાળાઓના જવાબની હકિકતો ધ્યાને રાખી અરજદારની અરજી ખર્ચ સહિત રદ્ધ કરવા હુકમ ફરમાવવા તેમજ અરજદારની અરજીના પેરા ૧૮ માં જે દાદ માંગેલી છે તે દાદ અરજદારને મળવાપાત્ર ન હોય જેથી અરજદારની દાદ નામંજૂર કરી અરજદારની અરજી રદ્ધ કરવા તેમજ સામાવાળાએ તેમના ઉપરોક્ત જવાબમાં જે હકિકતો જણાવેલી છે તે હકિકતો તદ્દન સાચી અને ખરી છે જેથી અરજદારની અરજી કાયદેસર ચાલવાપાત્ર ન હોય જેથી અરજદારની અરજી ખર્ચ સહિત રદ્ધ કરવા નામદાર કોર્ટને નમ્ર અરજ કરેલ છે.

(૪) અરજદાર તર્ફે નીચે મુજબના મૌખિક પુરાવા તથા દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલા છે.

**–:: મૌખિક પુરાવા ::–**

| અનુ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૦૧ | ૦૯ | અરજદાર કૈલાશબેન તે ચેતનકુમાર સોલંકીની પત્ની તે રવિન્દ્રભાઈ સોલંકીની પુત્રીનુ સરતપાસનુ સોગંદનામુ |

**–:: દસ્તાવેજી પુરાવા ::–**

| અનુ. નં. | આંક | વિગત |
|---|---|---|
| ૦૧ | ૧૨ | અરજદારના આધારકાર્ડની નકલ |
| ૦૨ | ૧૩ | અરજદારની પુત્રીના આધારકાર્ડની નકલ |
| ૦૩ | ૧૪ | કરીયાવર તથા રકમની યાદીની નકલ |
| ૦૪ | ૧૫ | ભાડા કરારની નકલ |
| ૦૫ | ૧૬ | લોનકાર્ડની નકલ |
| ૦૬ | ૧૭ | લોનકાર્ડ ભરેલ સ્લીપની નકલ |
| ૦૭ | ૧૮ | અરજદારની પુત્રીના સ્કુલ આઈ.ડી. કાર્ડની નકલ |
| ૦૮ | ૧૯ | અરજદારની પુત્રીના સ્કુલ કાર્ડ ફીની નકલ |
| ૦૯ | ૨૦ | અરજદારની પુત્રીના સ્કુલ ઓટો ફીની નકલ |
| ૧૦ | ૨૧ | અરજદારની પુત્રીના સ્કુલ બુક બીલની નકલ |
| ૧૧ | ૨૨ | અંકલેશ્વર જી.આઈ.ડી.સી. પોલીસ સ્ટેશનમાં કરેલ ફરીયાદની નકલ |

| | | |
|---|---|---|
| ૧૨ | ૨૩ | અરજદારના બેંક સ્ટેટમેન્ટની નકલ |
| ૧૩ | ૨૬ | સોહમ એજન્સીનો લેટર |

અરજદાર તર્ફે ઉપરોકત સિવાય વધુ કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી અને અરજદાર તર્ફે **આંક–૨૭** થી કલોઝીંગ પુરસીસ રજુ કરી પુરાવો બંધ થયેલાનુ જાહેર કરેલ છે.

(૫) સામાવાળા તર્ફે નીચે મુજબના મૌખિક પુરાવા તથા દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલા છે.

**–:: મૌખિક પુરાવા ::–**

| અનુ. નં. | આંક | વિગત |
|---|---|---|
| ૦૧ | ૨૯ | સામાવાળા ચેતનકુમાર અશોકભાઈ સોલંકીનું સરતપાસનું સોગંદનામું |

**–:: દસ્તાવેજી પુરાવા ::–**

| અનુ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૦૧ | ૩૦ | સામાવાળાનુ આવક અંગેનુ એફીડેવીટ |

સામાવાળા તર્ફે ઉપરોકત સિવાય વધુ કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી અને સામાવાળા તર્ફે **આંક–૩૫** થી કલોઝીંગ પુરસીસ રજુ કરી પુરાવો બંધ થયેલાનુ જાહેર કરેલ છે.

**(૬ ) દલીલો :–**

**(૬.૧)** ત્યારબાદ અરજદાર તરફે વિ.વકીલશ્રી ઘ્વારા રજુ થયેલ આંક–૩૬ ની લેખિત દલીલો જે વંચાણે લીધી. તેમા મુખ્યત્વે તેઓએ અરજીની હકીકતોનુ તેમજ તેઓની ઉલટ તપાસનું અને સામાવાળાની ઉલટ તપાસનુ પુનરાવર્તન કરેલ છે અને અરજદારે રજુ કરેલ દસ્તાવેજી પુરાવા તથા સામાવાળાએ રજુ કરેલ દસ્તાવેજી પુરાવાનુ વર્ણન કરેલ છે અને વધુમા જણાવેલ છે કે, '' ધી પ્રોટેકશન ઓફ વુમન ફ્રોમ ડોમેસ્ટિક વાયોલન્સ એકટ ૨૦૦૫ અને રૂલ્સ ૨૦૦૬ અધિનિયમ મુજબ વ્યાખ્યાઓ તથા તેનું અર્થઘટન :

આ કામે રજુ થયેલ પુરાવાની ચર્ચા કરતાં પહેલાં કૌટુંબિક હિંસા અધિ. ને લાગુ કરવાનો જે ઉદ્દેશ હેતુ બતાવવો જરૂરી જણાય છે. જે નીચે મુજબ છે. "An Act to provide for more effective protection of the rights of woman guaranteed under the constitution who are victims of violence of any kind occurring within the family and for matters connected therewith or incidental thereto."

ઘરેલું હિંસા અધિ.માં કોઈપણ દાદ મેળવતા પહેલાં અરજદારએ સાબિત કરવું ફરજીયાત છે કે, તેઓ આ કામે વ્યથિત વ્યકિત છે. તેથી આ કામે નિર્ણય કરતા પેહલાં એ પ્રશ્ન ઉદ્રભવ થાય છે કે, શું અરજદાર વ્યથિત વ્યકિત છે?" વ્યથિત વ્યકિતની પરિભાષા કૌટુંબિક હિંસા અધિ.ની કલમ–૨(એ)માં જણાવેલ છે, જે નીચે મુજબ છે.

(a) "aggrieved person" means any woman who is, or has been, in a domestic relationship with therespondent and who alleges to have been subjected to any act of domestic violence by the respondent"

A perusal of this section shows that two ingredients needs to be satisfied before a person can be said to be an aggrieved person:(1) Aggrieved person must be in domestic relationship with the respondent ;and (2) Aggrieved person must have been subjected to domestic violence while she was in domestic relationship with the respondent.

Section 2 (f) defines domestic relationship under: (f) "domestic relationship" means relationship between two persons who live or have, at any point of time, lived together in a shared household, where they are related by consanguinity marriage, or through a relationship in the nature of marriage, adoption or are family members living together as a joint family."

આમ સદરહુ કલમ ૨ (એફ) જોતાં આ સાબિત થાય છે કે,જે ભોગ બનેલ વ્યકિત છે તેને પહેલા આ પુરવાર કરવું પડે કે, તેઓ સામાવાળા સાથે લોહી, દત્તક અથવા લગ્નના રિશ્તેદારીમાં છે અને તેઓ મજીયારા રહેઠાણમાં રહેતા હતા. કૌટુંબિક હિંસાને કૌટુંબિક હિંસા અધિ.ની કલમ–૩ માં જણાવેલું છે.

Section 3:- "definition of domestic violence- for the purpose of this act, any act, omission or commission or conduct of the respondent shall constitute domestic violence in case it" (a)harms of injuries or endangers the health, safety, life, limp or well being, whether mental or physical, of the aggrieved person or tends to do so and included causing physical abuse, sexual abuse,

verbal and emotional abuse and economic abuse: or (b) harasses, harms, injuries or endangers the aggrieved person with a view to coerce her or any other person related to her meet any unlawful demand for dowry or other property or valuable security; or (c) has the effect of threatening the aggrieved person or any person related to her by any conduct mentioned in clause (a) or clause (b); or (d) otherwise injuries or causes harm, whether physical or mental, to the aggrieved person."

સદર કામમાં અમો અરજદાર તર્ફે નીચે મુજબ આપેલ જજમેન્ટ/ચુકાદાઓ અમો અરજદારને હાલના કેસને સમર્થનકારક છે. જે નીચે મુજબ છે.

સામાન્ય સંજોગોમાં પત્ની પોતાના પતિની સામે સાચો ના હોય તેવો આક્ષેપ કરીને પોતાના સંસારને ડામાડોળ બનાવવાનો પ્રયત્ન કરે નહી. આ તબક્કે નામદાર ગુજરાત વડી અદાલતે ઇન્દુબેન રબારી વિરુદ્ધ વજલાલ રબારી, ૧૯૯૩ લો સ્યુટ (ગુજરાત) ૩૧ વાળા ચુકાદામાં પેરા–૭ માં કરવામાં આવેલ નિરીક્ષણો દોહરાવવા જરૂરી જણાય છે. જેમાં નામદાર ગુજરાત વડી અદાલતે પ્રસ્થાપીત કરેલ છે કે,

In the case of Induben Vrajlal Rabari Vs. Vrajlal Ramajibhai Rabari reported in 1993 (1) G.L.R. 396. Hon'ble Gujarat High Court has held that In my view, there was no reason to disbelieve the evidence of the wife on the point of neglect. She has stated on oath before the Court, but the learned Judge has discarded her evidence on the ground that no independent witness was examined by her on the point of cruelty and mental torture as deposed by her. It seems that the learned Judge has forgotten the realities of life that normally a Hindu wife would not make complaint about ill-treatment by her husband to others. The learned Judge has also forgotten the fact that in the house of the husband no one else was living. There may not be any independent evidence on the point of cruelty and mental torture. If the wife has stated before the Court on oath that she was physically and mentally tortured by her husband and her evidence in cross is not shaken, then there is no reason for the Court not to believe her evidence.

તેથી આ કામનાં સામાવાળાઓએ અરજદારને શારીરિક અને માનસીક ત્રાસ આપી સામાવાળા નં.–૧ એ અરજદારનો ત્યાગ કરેલ હોવાનું તથા અરજદારએ સામાવાળા નં.–૧ નો સ્વેચ્છાએ ત્યાગ નહિ કરેલ હોવાનું માનવાને કારણ રહે છે. વધુમાં અરજદાર અને સામાવાળા નં.–૧ નાં પુરાવાની ઉપરોકત સંબંધે આ તબક્કે

નામ.ગુજરાત હાઈકોર્ટનાં નીચે મુજબના કાયદા ધ્યાને લેવા જરૂરી જણાઈ આવે છે.
(૨) ૧૯૮૪(૨)–જી.એલ.આર.–૮૮૭, જૈનુબીબી ડો/ઓ હુસેનભાઈ વિ. સ્ટેટ ઓફ ગુજરાત.

ઉપરોકત ચુકાદામાં નામ.ગુજરાત હાઈકોર્ટે ઠરાવ્યું છે કે, અરજદાર પત્નીની પતિં ધ્વારા નજીવો ત્રાસ આપવામા આવતો હોય તો પણ તે પતિથી અલગ રહી ભરણપોષણ મેળવવા હક્કદાર બને છે.
(૩) ૧૯૮૬–જી.એલ.એચ.૮૬૧ અનસુયાબેન હેમંતસિંહ જાડેજા વિરુદ્ધ અનિરુધ્ધસિંહ હરિસિંહ ઝાલા.

ઉપરોકત ચુકાદામાં નામ.ગુજરાત હાઈકોર્ટે ઠરાવ્યું છે કે, પતિ ધ્વારા પત્નીએ સાસરે રહેવાનું અશકય બને તેવી પરિસ્થિતિનું નિર્માણ કરાયેલ ન હોય તો સામાન્ય રીતે પત્ની માં–બાપના ઘરે રહી ઓશીયાણું જીવન વિતાવે નહી.

આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ અરજદારની સરતાપાસમાં સામાવાળાએ તેઓને શારીરિક માનસીક ત્રાસ આપી સામાવાળાએ તેઓનો ત્યાગ કરેલ હોવાની હકીકતને તથા તેઓએ સામાવાળાનો સ્વેચ્છાએ ત્યાગ નહી કરેલ હોવાની હકીકતને વળગી રહેલ છે. સામાવાળાનાં બચાવ મુજબ, સામાવાળાએ અરજદારને શારીરિક માનસીક ત્રાસ નહિ આપેલ હોવાનું અને સામાવાળાએ અરજદારને ત્યાગ નહી કરેલ હોવાનું અને અરજદારને સંયુકત કુટુંબમાં પહેલેથી રહેવું ન હોવાથી ભાડાના મકાનમાં સામાવાળાને રહેવા લઈ ગયેલ હોવાનું રેકર્ડ પર લાવી શકેલ ન હોય તેમજ સામાવાળા તેઓનાં જવાબ મુજબનું બચાવ પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ હોય સામાવાળાએ અરજદારને શારીરિક માનસીક ત્રાસ આપી સામાવાળાએ અરજદારનો ત્યાગ કરેલ હોવાનું પુરવાર થયેલ સાબિત થાય છે.

ઉપરોક્ત જજમેન્ટ/ચુકાદા ઉપરાંત અમો અરજદાર અમારા કેસનાં સમર્થન/અનુસંધાનમાં નીચે મુજબના વિવિધ ચુકાદાઓ પર આધાર રાખી રજુ કરીએ છીએ. જે આ કામે નામ. કોર્ટના ધ્યાને લેવા નમ્ર અરજ છે.
**૧.** ઈન્દુબેન રબારી વિરુદ્ધ વજલાલ રબારી, ૧૯૯૩ લો સ્યુટ (ગુજરાત) ૩૧, નામ. ગુજરાત હાઈકોર્ટ, **૨.** ૧૯૮૪(૨)–જી.એલ.આર.–૮૮૭, જૈનુબીબી ડો/ઓ હુસેનભાઈ વિ. સ્ટેટ ઓફ ગુજરાત, નામ. ગુજરાત હાઈકોર્ટ, **૩.** ૧૯૮૬–જી.એલ.એચ. ૮૬૧ અનસુયાબેન હેમંતસિંહ જાડેજા વિરુદ્ધ અનિરુધ્ધસિંહ હરિસિંહ ઝાલા, નામ. ગુજરાત હાઈકોર્ટ.

ઉપરોક્ત મુજબની અમો અરજદારની લેખીત દલીલો હોય, જેથી આંક–૧ માં માંગ્યા મુજબની તમામ દાદ મંજુર કરી મહેરબાની કરશોજી, તેમજ થયેલ તમામ ખર્ચો સામાવાળા પાસેથી અમો અરજદારને અપાવશોજી."

વધુમાં આ કામે અરજદાર તરફે નીચે મુજબના નામ.હાઇકોર્ટના ચુકાદાઓ પર આધાર રાખી રજુ કરેલ છે જે વંચાણે લેવામાં આવેલ છે.

**૧.** ઈન્દુબેન રબારી વિરુદ્ધ વજલાલ રબારી, ૧૯૯૩ લો સ્યુટ (ગુજરાત) ૩૧, નામ. ગુજરાત હાઈકોર્ટ,

**૨.** ૧૯૮૪(૨)–જી.એલ.આર.–૮૮૭, જૈનુબીબી ડો/ઓ હુસેનભાઈ વિ. સ્ટેટ ઓફ ગુજરાત, નામ. ગુજરાત હાઈકોર્ટ,

**૩.** ૧૯૮૬–જી.એલ.એચ. ૮૬૧ અનસુયાબેન હેમંતસિંહ જાડેજા વિરુદ્ધ અનિરુધ્ધસિંહ હરિસિંહ ઝાલા, નામ. ગુજરાત હાઈકોર્ટ.

**(૬.૨).** ત્યારબાદ સામાવાળા તરફે આંક–૩૭ થી લેખીત દલીલો રજુ થયેલ છે જેમા તેઓએ જણાવેલ છે કે, સદર કામના અરજદારે આંક – ૧ થી ધી પ્રોટેક્શન ઓફ વુમન ફ્રોમ ડોમેસ્ટીક વાયોલન્સ એક્ટ ૨૦૦૫ અને રૂલ્સ ૨૦૦૬ અધિનિયમની કલમ ૧૮,૧૯,૨૦,૨૨,૨૩ મુજબ દાદ માંગતી કલમ ૧૨ હેઠળની અરજી કરેલ છે. તથા સદર કામના અરજદારે અરજી દાખલ કરતા નામદાર કોર્ટે સામાવાળાઓને નોટીસ કાઢી. જે નોટીસ બજી જતા અમો સામાવાળાઓ નામદાર કોર્ટમાં હાજર થયેલ અને આંક –૮ થી અમો સામાવાળાઓનો લેખિત જવાબ તથા આંક –૩૦ થી અમો સામાવાળાની ઈન્કમ એફીડેવીટ રજૂ કરેલી.

સદર કામના અરજદાર નં. ૧ એ નામદાર કોર્ટમાં આંક–૦૯ થી સોગંદ પર સરતપાસ રજૂ થયેલ જેના પર અમો સામાવાળાઓ તરફે અરજદાર નં. ૧ ની ઉલટ તપાસ કરેલી.

અરજદાર નં. ૧ ની ઉલટ તપાસમાં અમો સામાવાળાઓએ પુરવાર કરેલ છે કે, અરજદાર નં. ૧ લગ્ન કરીને રહેવા આવ્યા ત્યારે સંયુક્ત કુટુંબમાં રહેવાનું હતુ તે વાતની તેમને જાણ હતી. અમો સામાવાળાઓએ તે પણ પુરવાર કરેલ છે કે, અરજદાર નં. ૧ કોઈપણ જાતનું સ્ત્રીધન અમારા ઘરે અમારી પાસે રાખેલ નથી તથા અરજદાર નં. ૧ ઉલટ તપાસમાં પણ પોતે કબૂલ કરેલ છે કે, આ સ્ત્રીધનના અમે કોઈપણ જાતના બીલો આ કામે રજૂ કરેલ નથી તથા સીમંત સંસ્કાર વિધીના પણ ભેટ–સોગાદોના બીલો રજૂ કરેલા નથી. એટલે અરજદાર નં. ૧ પોતે પોતાની અરજી તથા સરતપાસમાં જણાવેલ તમામ હકિકતો ખોટી પુરવાર થાય છે. તે પરથી જ

અરજદાર નં. ૧ ની નિયત સાબિત થાય છે કે ફક્ત ફક્ત સામાવાળાઓને માનસિક ત્રાસ આપવા તથા ખોટી રીતે પૈસા પડાવવા માટે સદર અરજી કરેલ છે. આ કામના અરજદારે ઉલટ તપાસમાં એ પણ કબુલ રાખેલ છે કે, એ વાત ખરી છે કે, સામાવાળા નં. ૧ દારૂ પીવાની આદત રાખે છે તે બાબતે કોઈ કેસ કે પોલીસ ફરિયાદ અમોએ કરેલ નથી. તથા અરજદારે એ પણ કબુલ રાખેલ છે કે, “એ વાત ખરી છે કે, મારા દિયર તરૂણભાઈએ મને બદનક્ષી અંગેની નોટીસ મોકલેલ હતી. જેનો મે આજદિન સુધી કોઈ જવાબ આપેલો નથી." અરજદાર નં. ૧ પોતાની ઉલટ તપાસમાં એ પણ કબૂલ રાખેલ છે કે, “એ વાત ખરી છે કે સામાવાળા મને શારીરિક, માનસિક ત્રાસ આપતા હોય તેવી કોઈ પોલીસ ફરિયાદ મે કરેલ નથી.” તથા અરજદાર નં. ૧ પોતાની ઉલટ તપાસમાં એ પણ કબૂલ રાખેલ છે કે, “એ વાત ખરી છે કે સને ૨૦૧૮ માં ભરૂચ કોર્ટમાં કેસ કરેલ જેમાં મારે અને સામાવાળા નં. ૧ ને સમાધાન થતા હું સામાવાળા નં. ૧ સાથે રહેવા ગયેલ હતી. એ વાત ખરી નથી કે, આ સમાધાનમાં હું અને સામાવાળા નં. ૧ ભાડાના મકાનમાં રહેતા હતા.” સદર ઉલટ તપાસમાં અમો સામાવાળાઓએ અરજદાર નં. ૧ ની અરજી તથા સરતપાસમાં લખેલ હકિકતોનું ખંડન કરી અમો સામાવાળાઓના જવાબમાં જણાવેલ તમામ હકિકતો પુરવાર કરેલ છે. જેથી પણ પુરવાર થાય છે કે અરજદાર નં.૧ સદર અરજી ખોટી કરેલ છે. સદર કામના અરજદાર નં. ૧ ને ઉલટ તપાસમાં પ્રશ્ન પુછવામાં આવેલ કે, પ્રશ્ન : તમે સામાવાળા સાથે રહેતા હતા ત્યારે દિકરીનો તમામ ખર્ચ સામાવાળા કરતા હતા? જવાબ : હું અને સામાવાળા અડધો–અડધો કરતા હતા. આ હકિકતથી પુરવાર થાય છે કે, અરજદાર નં. ૧ પોતે ભરણ–પોષણ પોતાનુ કરવા માટે સક્ષમ છે, તે પોતે કમાય શકે છે અને પોતે પોતાનું ભરણ–પોષણ તથા બાળકીનું ભરણ–પોષણ કરવા સક્ષમ છે. અરજદાર નં. ૧ પોતાની ઉલટ તપાસમાં એ પણ કબૂલ રાખેલ છે કે, “એ વાત ખરી છે કે મારા સરતપાસના પેરા ૧૧ માં જણાવેલ બનાવ બાબતે મેં કોઈ પોલીસ ફરિયાદ આજદિન સુધી કરેલ નથી.” આમ, અરજદાર નં.૧ પોતાની અરજી તથા સરતપાસમાં જણાવેલ કથનો તે પોતે જ પુરવાર કરી શકેલા નથી. જેથી પણ માનવાને કારણ છે કે, સદર અરજી અરજદાર નં. ૧ એ ખોટી અને ઉપજાવી કાઢેલ છે. અરજદાર નં. ૧ પોતાની ઉલટતપાસમાં જણાવેલ છે કે, “એ વાત ખરી છે કે સામાવાળા ઉપર એમના માતા–પિતાની જવાબદારી છે.” આ ઉપરાંત અરજદાર નં. ૧ પોતાની ઉલટ તપાસમાં એ પણ કબૂલ રાખેલ છે કે, “એ વાત ખરી છે કે સામાવાળા ધો.૧૦ નાપાસ છે.એ વાત ખરી છે કે, હું સામાવાળા સાથે રહેતી હતી

ત્યારે સામાવાળાનો પગાર માસિક રૂપિયા ૧૨,૦૦૦/– હતો." તથા અરજદાર નં. ૧ પોતાની ઉલટ તપાસમાં એ પણ કબૂલ રાખેલ છે કે, "એ વાત ખરી છે કે, હું નોકરી કરતી હતી ત્યારે મને રૂપિયા ૮,૫૦૦/– માસિક પગાર મળતો હતો." સાહેદ જણાવે છે કે છેલ્લા ૬ માસથી મારી નોકરી છુટી ગયેલ છે. અરજદાર નં. ૧ પોતાની ઉલટ તપાસમાં એ પણ કબૂલ રાખેલ છે કે, "એ વાત ખરી છે કે જ્યારે મે હાલની ભરણ–પોષણની અરજી કરેલ ત્યારે મારી નોકરી ચાલુ હતી. એ વાત ખરી છે કે, મેં કોર્ટમાં જે નિ.૨૫/૧ થી રજૂ કરેલ છે તે રીઝાઈન લેટર છે. તે મારૂ રીઝાઈન કંપની દ્વારા સ્વીકારવામાં આવેલ લેટર છે." આમ, અરજદાર નં. ૧ પોતાની અરજી તથા સરતપાસમાં જે જણાવેલ છે કે, અમો ઓશિયાળુ જીવન જીવીએ છીએ તથા અમારૂ કોઈ આવકનું સાધન નથી તે તદ્દન ખોટી હકિકત જણાવેલ છે. તથા અરજદાર નં. ૧ પોતાની ઉલટતપાસમાં જે જણાવે છે કે, ૬ માસથી મારી નોકરી છુટી ગયેલ છે તે હકિકત તદ્દન ખોટી છે. અરજદાર નં. ૧ ની ઉલટતપાસથી પુરવાર થાય છે કે, અરજદાર નં. ૧ પોતે સદર ચાલુ કેસ દરમ્યાન કંપનીમાંથી રીઝાઈન આપેલ છે. તથા સામાવાળા નં. ૧ નાએ પોતાની ઉલટ તપાસમાં જણાવેલી છે કે, "સામાવાળા મને દિકરી સાથે લઈ જવા તૈયાર હોય તો પણ હું જવા તૈયાર નથી" આ પરથી સાબિત થાય છે કે અરજદાર ફક્ત ને ફક્ત માનસિક ત્રાસ માટે સદર કેસ કરેલ છે. આમ, અમો સામાવાળાઓએ અમારા લેખિત જવાબની તમામ હકિકતો રેકર્ડ ઉપર લાવેલ છે. તથા અરજદાર નં. ૧ની અરજી તથા સરતપાસના કથનોનુ ખંડન પણ કરેલ છે. જેથી સદર કામના અરજદાર નં.૧ ની અરજી ખર્ચ સહિત નામંજૂર થવી જોઈએ.

અમો સામાવાળાએ સદર કામના અરજદાર નં.૧ ની અરજી તથા સરતપાસના સંદર્ભમાં જણાવેલ કથનોનું ખંડન કરી અમો સામાવાળાની સરતપાસમાં જણાવેલ હકિકતો પુરવાર કરેલ છે. જેમાં અમો સામાવાળાની ઉલટ તપાસ કરતા જણાવેલ છે કે, "એ વાત ખરી છે કે મારા ઈન્કમ એફીડેવીટમાં એ–કોલમમાં પેરા નં. ૭ માં જણાવેલ માસિક ખર્ચ રૂપિયા ૨૦,૦૦૦/– છે. એ વાત ખરી છે કે રૂપિયા ૧૦,૦૦૦/–જેટલો ખર્ચ થાય છે તે અંગેનો કોઈ પુરાવો મેં રજુ કરેલો નથી."

"એ વાત ખરી છે કે મારા ઈન્કમ એફીડેવીટમાં સી–કોલમમાં પેરા નં. ૩ માં જણાવેલ આશ્રિતોનો માસિક ખર્ચ રૂપિયા ૧૫,૦૦૦/– છે. એ વાત ખરી છે કે રૂપિયા ૧૫,૦૦૦/– જેટલો ખર્ચ થાય છે તે અંગેનો કોઈ પુરાવો મેં આ કામે રજુ કરેલો નથી." આ બાબતે અમારી દલીલ એમ છે કે, રોજીંદાનો ઘરવખરીનો ખર્ચ તથા

દવાઓના ખર્ચ સામાન્ય રીતે કોઈપણ વ્યક્તિ રાખતુ ના હોય અને રોજ–બરોજનો જે ખર્ચો થતો હોય તે એક સામાન્ય બાબત છે. જેના કોઈ પુરાવા હોતા નથી. જેથી સદર કામમાં અરજદાર નં. ૧ના એડવોકેટશ્રીએ ખર્ચ અંગે જે ઉલટ તપાસ કરેલી છે તેનો કોઈ મતલબ રહેતો નથી અને સામાન્ય રીતે દરેક વ્યક્તિને જીવન જરૂરિયાતની વસ્તુની જરૂર પડતી હોય છે અને જે માટે ખર્ચ થાય છે અને અરજદારે પોતાની ઉલટતપાસમાં પણ જણાવેલ છે કે, સામાવાળાના માતા–પિતા ૬૦ વર્ષના વયોવૃદ્ધ હોય તેની જવાબદારી પણ સામાવાળા ઉપર છે. જે પોતે અરજદારે પુરવાર કરેલ છે.

સામાવાળાની ઉલટ તપાસમાં અમો સામાવાળાએ જણાવેલ છે કે, "એ વાત ખરી છે કે, મારી પુત્રી દ્રષ્ટિનો ભરણ–પોષણનો ખર્ચ આપેલ નથી. પરંતુ સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે, છોકરીને મળવા જવુ અને પૈસા આપવાની વાત કરૂ તો તે કેસ કરવાની ધમકી આપે છે." "એ વાત ખરી છે કે, આ કેસ દાખલ થયા પછી હું મારી છોકરીને મળવા ગયેલ નથી કે, અરજદારે ધાક ધમકી આપેલ નથી" "એ વાત ખરી છે કે, મારી પુત્રી દ્રષ્ટિ સારી સ્કૂલમાં ભણે અને સારો અભ્યાસ કરે તે હું ઈચ્છું છું. એ વાત ખરી છે કે, મારી પુત્રી ૧૪ વર્ષની છે અને ધો. ૭ માં લાયન્સ ઈંગ્લીશ સ્કૂલ, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર મુકામે ભણે છે." આમ, અમો સામાવાળા અમારી દિકરીનુ દરેક ભરણ–પોષણ પોતે કરવા રાજીખુશી છીએ છતાં પણ અરજદાર નં. ૧ અમો સામાવાળાને અમારી દિકરીથી જાણીબુઝીને દુર રાખે છે અને અમોને કેસ કરવાની ધમકી આપી માનસિક રીતે હેરાન કરે છે. જેથી અરજદાર નં. ૧ની સદર અરજી નામંજૂર કરવા નામદાર કોર્ટને અરજ છે.

અમો સામાવાળાની ઉલટ તપાસમાં અમોએ જણાવેલ છે કે, "હું માસ રૂરલ હાઉસીંગ એન્ડ મોર્ગેજ ફાયનાન્સ લી. માં સેલ્સ માર્કેટીંગના હોદ્દા પર નોકરી કરૂ છું. એ વાત ખરી છે કે, હું જયાં નોકરી કરૂ છું ત્યાં મારો પગાર રૂપિયા ૧૨,૦૦૦/– છે. તે અંગેની પગાર સ્લીપ મેં રજૂ કરેલ નથી." પરંતુ આ કામે ત્યારબાદ અમો સામાવાળાએ આંક –૪૩ થી અમો સામાવાળાની પગાર સ્લીપની સર્ટીફાઈડ નકલ રજૂ કરેલ છે. તથા નિ.૩૨/૨ થી અમો સામાવાળા નં. ૧ ના બેન્ક સ્ટેટમેન્ટની નકલ રજૂ કરેલ છે. જેથી પણ અમોએ પુરવાર કરેલ છે કે, અમો ફક્ત રૂપિયા ૧૨,૦૦૦/– જેટલો માસિક પગાર ધરાવુ છું અને એ સાથે મારા પોતાના ખર્ચા, સામાજીક જવાબદારી તથા મારા વયોવૃદ્ધ માતા–પિતાની જવાબદારી પણ અમો સામાવાળા નં. ૧ ઉપર છે.

સદર કામના અરજદારે આંક – ૧૫ થી જે ભાડાકરારની સર્ટીફાઈડ ઝેરોક્ષ નકલ રજૂ કરેલ છે. પરંતુ તેઓએ ભાડાકરાર માટે કોઈ મકાન માલિકને સદર કામે તપાસેલ નથી તથા તેઓ પોતે ભાડુ આપતા હોય તે અંગેની કોઈ રસીદ પણ આ કામે રજૂ કરેલ નથી. જેથી અરજદારે તે પુરવાર કરેલ નથી કે તેઓ ભાડાના મકાનમાં રહે છે. સદર કામના અરજદાર નં. ૧ આંક – ૧૬ થી ગૃપ લોન કાર્ડ ની ઝેરોક્ષ નકલ રજૂ કરેલ છે. તે અંગે પણ તેઓએ કોઈ બેંક સાહેદને તપાસેલ નથી અને પુરવાર કરેલ નથી. સદર કામના અરજદાર નં. ૧ આંક – ૧૭ થી ગૃપ લોન કાર્ડ ભરેલ સ્લીપ ની ઝેરોક્ષ નકલ રજૂ કરેલ છે. તે અંગે પણ તેઓએ કોઈ બેંક સાહેદને તપાસેલ નથી અને પુરવાર કરેલ નથી. જેથી તે પણ પુરાવામાં ગ્રાહ્ય ગણી શકાય નહી. સદર કામના અરજદાર નં. ૧ ને નિ.૧૦/૧૧ થી ફરિયાદની ઝેરોક્ષ નકલ રજૂ કરેલ છે. તેને પુરવાર કરવા માટે અંકલેશ્વર જી.આઈ.ડી.સી. પોલીસ સ્ટેશનના પી.આઈ.શ્રીને સાહેદ તરીકે તપાસેલ નથી જેથી સદર પુરાવો પણ પુરાવામાં માન્ય ગણી શકાય નહી. આમ, સદર કામના અરજદાર પોતાની જ અરજી તથા સરતપાસમાં જણાવેલ કથનો પુરવાર કરી શકેલ નથી. જેથી સદર ડોમેસ્ટીકના કાયદા મુજબ અરજદાર પોતે સામાવાળાએ માનસિક ત્રાસ આપેલો છે તેવુ પુરવાર કરી શકેલ નથી. સદર કામના અમો સામાવાળાએ પુરવાર કરેલ છે કે, સદર કામના અરજદાર નં. ૧ પોતે જાતે અમારો તથા અમારા ઘરનો ત્યાગ કરેલો છે તથા અરજદાર નં. ૧ એ પોતે પોતાની ઉલટતપાસમાં જણાવેલ છે કે, સામાવાળા મને દિકરી સાથે લઈ જવા તૈયાર હોય તો પણ હું જવા તૈયાર નથી. જેથી સદર કામના અરજદાર નં. ૧ પોતે તથા દિકરીને લઈ અમો સામાવાળાનો ઘરનો કોઈપણ જાતના વ્યાજબી કારણ વગર સ્વૈચ્છીક ત્યાગ કરેલો છે. અમો સામાવાળાઓએ આંક – ૮ થી અમારો લેખિત જવાબ આપી અમારો બચાવ રજૂ કરેલ છે તથા આ કામના અરજદાર નં. ૧ ધી પ્રોટેક્શન ઓફ વુમન ફ્રોમ ડોમેસ્ટીક વાયોલન્સ એક્ટ ૨૦૦૫ અને રૂલ્સ ૨૦૦૬ અધિનિયમની કલમ ૧૮,૧૯,૨૦,૨૨,૨૩ મુજબ દાદ માંગતી કલમ ૧૨ હેઠળની જે અરજી કરેલ છે તેના કોઈપણ તત્વો પુરવાર કરી શકેલ નથી અને પોતે પુરતા કારણવિના અમો સામાવાળા નં. ૧ જે તેમના પતિ થતા હોય તેમની સાથે રહેવાની ના પાડે છે. અમો સામાવાળા અરજદારોને અમારા માતા–પિંતાથી અલગ ભાડાના મકાનમા લઈ જઈ રહેવા પણ તૈયાર છે પરંતુ અરજદાર નં. ૧ પોતે સ્વૈચ્છિક રીતે અમો સામાવાળા સાથે આવવાની ના પાડે છે. જેથી તેઓને સદર કાયદા મુજબ કોઈ ઘરભાડુ મેળવવા તથા

અન્ય ખર્ચાઓ મેળવવા હક્કદાર નથી. જેથી સદર અરજી ખર્ચ સહિત રદ્દ કરવા અમારી નામદાર કોર્ટને દલીલ છે.

આમ અમો સામાવાળાઓએ અરજદાર નં. ૧ ની આંક – ૧ ની અરજી તથા આંક – ૧૦ ની સરતપાસમાં જણાવેલ કથનોનું ખંડન કરી પુરવાર કરેલ છે કે, અરજદારે ફક્ત અને ફક્ત અમો સામાવાળાને માનસિક ત્રાસ આપવા તથા ખોટી રીતે સદર અરજી કરેલ છે. અરજદારે અમો સામાવાળાનો કોઈપણ જાતના વ્યાજબી કારણ વગર ત્યાગ કરેલ છે તથા અમો સામાવાળાઓએ અરજદારો ઉપર કોઈપણ જાતનો ઘરેલુ હિંસા આચરી ન હોય ફક્ત ને ફક્ત પોતાની મનસુફી પ્રમાણે તેઓએ સદર અરજી કરી ઉલ્ટાનું અમો સામાવાળાઓને માનસિક ત્રાસ આપવા તથા ખોટી રીતે પૈસા પડાવવા માટે સદર અરજી કરેલ છે. જેથી ધી પ્રોટેક્શન ઓફ વુમન ફ્રોમ ડોમેસ્ટીક વાયોલન્સ એક્ટ ૨૦૦૫ અને રૂલ્સ ૨૦૦૬ અધિનિયમની કલમ ૧૮,૧૯,૨૦,૨૨,૨૩ મુજબ દાદ માંગતી કલમ ૧૨ હેઠળની અરજી કરેલ છે તે અરજી ખર્ચ સહિત રદ્દ કરવા નામદાર કોર્ટને અરજ છે. અરજદારો ઉપર કોઈ ઘરેલુ હિંસા થયેલ નથી. જે અમોએ પુરવાર કરેલ છે. જેથી અરજદારોએ અરજીની તમામ દાદ ખર્ચ સહિત રદ્દ કરવા અમો સામાવાળાઓની આપ નામદાર કોર્ટને અરજ છે."

(૭) સદર અરજીના નિર્ણય અર્થે નીચે મુજબના મુદા ઉપસ્થિત થયા છે.

**–::મુદદા::–**

(૧) શું અરજદાર પુરવાર કરે છે કે, તેણીને સામાવાળાએ દુખ ત્રાસ આપી ઘરેલુ હિંસા આચરેલ છે?

(૨) શું અરજદારણ તેમની અરજીમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ?

(૩) શું હુકમ ?

(૮) ઉપરોકત મુદા અન્વયેના નિર્ણયો નીચે મુજબના છે.

(૧) હકારમાં.

(૨) અંશતઃ હકારમાં

(૩) આખરી હુકમ મુજબ.

**–::કારણો::–**

(૯) **કારણોની ચર્ચા કરવામાં આવે તે પહેલા રેકર્ડ પરનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો તે નીચે મુજબ છે.**

(૯.૧) અરજદારે તેમની અરજીમાં જે હકીકત જણાવેલી છે તે અનુસંધાને આંક–૯ના તેમના સોંગદનામામાં પણ તેને સમર્થનકારી પુરાવો આપેલો છે. જેનું પુનરાવર્તન ટાળવા દોહરાવેલ નથી. જે સામે સામાવાળા પક્ષ અરજદારની ઉલટતપાસ કરતા તેમા અરજદારે જણાવેલ છે કે, '' હુ ધોરણ ૧૦ ભણેલી છુ. એ વાત ખરી છે કે મારે સામાવાળા સાથે સમાજના રિત રિવાજ મુજબ અરેન્જ મેરેજ થયેલા. એ વાત ખરી છે કે હુ સામાવાળા ને ત્યા લગ્ન કરીને રહેવા માટે ગઈ ત્યારથી સયુક્ત કુટુંબમાં રહેવાનુ હતુ તેની મને જાણ હતી. એ વાત ખરી છે કે અમારી અરજી તથા સરતપાસમાં જણાવેલ ભેટ સોગાદો અંગેના કોઇ બીલ આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે શ્રીમત સંસ્કાર વીધી વખતે આપેલ ભેટ સોગાદોના બીલ પણ મે આ કામે રજુ કરેલ નથી.એ વાત ખરી છે કે મારા નણંદ ભાવીકાબેનના લગ્ન અમારા લગ્ન થયા તે પહેલા થઇ ગયેલ હતા. એ વાત ખરી નથી કે મારી ડિલીવરીનો તમામ ખર્ચ સામાવાળા એ કરેલ હતો. એ વાત ખરી છે કે મારી દિકરીની છઠ્ઠી વખતે જે ધરેણા આપેલા તેના બીલ આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે સામાવાળા દારૂ પીવાના આદત રાખે છે તે બાબતે કોઈ કેસ કે પોલીસ ફરીયાદ કરેલ નથી. એ વાત ખરી છે કે મારા દિયર તરૂણભાઈ એ મને બદનક્ષી અંગેની નોટીસ મોકલેલ હતી જેનો મે આજદિન સુધી કોઈ જવાબ આપેલ નથી. એ વાત ખરી છે કે સામાવાળા મને શારીરીક માનસિખ ત્રાસ આપતા હોય તેવી કોઇ પોલીસ ફરીયાદ મે કરેલ નથી. એ વાત ખરી છે કે સને ૨૦૧૮માં ભરૂચ કોર્ટમાં કેસ કરેલ જેમાં મારે અને સામાવાળાને સમાધાન થતા હુ સામાવાળા સાથે રહેવા ગયેલ હતી. એ વાત ખરી નથી કે આ સમાધાનમાં હુ અને સામાવાળા ભાડેથી અલગ મકાનમાં રહેતા હતા. એ વાત ખરી નથી કે હુ સામાવાળા સાથે સયુક્ત કુટુંબમાં રહેતી હતી ત્યારે મને તમામ સુખ સગવડ પુરી પાડવામાં આવતી હતી.

પ્રશ્નઃ– તમે સામાવાળા સાથે રહેતા હતા ત્યારે દિકરીનો તમામ ખર્ચ સામાવાળા કરતા હતા.

જવાબઃ– હુ અને સામાવાળા અડધો–અડધો કરતા હતા.

એ વાત ખરી છે કે મારા સરતપાસના પેરા ૧૧ માં જણાવેલ બનાવ બાબતે મે કોઇ પોલીસ ફરીયાદ આજદિન સુધી કરેલ નથી. એ વાત ખરી નથી કે સામાવાળાના

કુટુંબી જનોએ મને ધણી વખત તેડી જવાના પ્રયત્ન કરેલ છે. એ વાત ખરી છે કે સામાવાળાના માતા પીતા ૬૦વર્ષની ઉમરના છે. એ વાત ખરી છે કે સામાવાળા ઉપર એમના માતા પીતાની જવાબદારી છે. એ વાત ખરી નથી કે સામાવાળા મારી દિકરીને ધણી વખત મળવાનો પ્રયત્ન કરતા હતા પરંતુ મે મળવા દિધેલ નથી. એ વાત ખરી છે કે સામાવાળા ધોરણ ૧૦ નાપાસ છે. એ વાત ખરી છે કે હુ સામાવાળા સાથે રહેતી હતી ત્યારે સામાવાળાનો પગાર માસીક રૂ, ૧૨,૦૦૦/–હતો. એ વ્રાત ખરી છે કે હુ નોકરી કરતી હતી ત્યારે મને રૂ, ૮૫૦૦/– માસીક પગાર મળતો હતો સાહેદ જણાવે છે કે છેલ્લા છ માસથી મારીનોકરી છુટી ગયેલ છે. સામાવાળા મને દિકરી સાથે લઈ જવા તૈયાર હોય તો પણ હુ જવા તૈયાર નથી. એ વાત ખરી નથી કે મે મારા પતીજુ ધર સ્વેરછાએ ત્યાગ કરેલ છે. એ વાત ખરી નથી કે માત્ર ભરણ પોષણ લેવા માટે ખોટો કેસ કરેલ છે. એ વાત ખરિ છે કે મે હાલની અરજી કરી તે સમયે હુ નોકરી કરતી હતી. એ વાત ખરી છે કે મે રજુ કરેલ નિ. ૨૫/૧ વાળા પત્રમાં મે સ્વેચ્છાએ નોકરી છોડેલ છે તેવુ જણાવેલ છે. નિ. ૨૫/૧ સામાવાળા તર્ફે રીફ્ર કરવામાં આવેલ હોય આંક ૨૬ આપવામાં આવે છે. એ વાત ખરી છે કે હુ પોતે મારા નામથી અલગ થી ભાડેથી રહેતી હોય તેવો કોઈ સતાવેજી પુરાવો આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે મારી અરજી તથા સરતપાસ ના સોગંધનામામાં કરેલ સામાવાળા વિરુધ ના કથનો બાબતે મે કોઈપણ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપેલ નથી. એ વાત ખરી નથી કે મારી આરજી તથા સોગંધનામામાં શારીરીક માનસીક ત્રાસ બાબતે જે કથનો કરેલ છે તેવો કોઇ બનાવ મારી સાથે બનેલ નથી. સામાવાળા મને મારી દિકરી સાથે લઇ જવા તૈયાર હોય તો પણ અમો જવા તૈયાર નથી. એ વાત ખરી છે કે મે અલગ થી સીઆરપીસી કલમ ૧૨૫ મુજબ ભરણપોષણ મેળવવા અરજી કરેલ છે. એ વાત ખરી છે કે હુ હાલમાં પણ શારીરીક અને માનશીક રીતે સ્વસ્થ છુ. એ વાત ખરી છે કે આંક ૧૬ અને ૧૭ થી રજુ દસ્તાવેજી પુરાવામાં સામાવાળા નં ૧ નાએ લોન લીધેલ હોય તેવુ જણાવેલ નથી. અને તે બાબતનો મારી પાસે પુરાવો નથી. આંક ૧૬ અને ૧૭ માં જણાવેલ મીનાબેન મારા માતા થાય છે. મારા માતા હાલમાં મારી સાથે રહે છે. એ વાત ખરી નથિ કે સામાવાળા ને હેરાન કરવા માંગતી હોય અને ભરણપોષણ મેળવવા માંગતી હોય ખોટી હકીકતો ઉભી કરી ખોટી રજુ કરેલ છે અને સોગંધ પર ખોટી જુબાની આપુ છુ.

(૯.૨) સામાવાળા તરફે સામાવાળાનું આંક–૨૯ થી પુરાવાનુ સોગંદનામુ રજુ રાખેલુ છે. જેમા તેમના જવાબની હકીકતો જણાવેલી હોય પુનરાવર્તન ટાળવા દોહરાવેલ નથી,

જયારે તેઓ અજદાર તરફેની ઉલટ તપાસમાં જણાવે છે કે,'' હુ ધોરણ ૧૦ નાપાસ છુ.મને ગુજરાતી તથા અંગ્રેજી વાંચતા, લખતા આવડે છે. એ વાત ખરી છે કે મારા લગ્ન અરજદાર સાથે રાજીખુશી થી થયેલા. એ વાત ખરી છે કે લગ્ન બાદ અરજદાર મારા ઘરે સંયુકત કુટુંબમાં રહેવા આવેલા. એ વાત ખરી છે કે લગ્ન બાદ અરજદાર નોકરી કરતા ન હતા. હુ હાલ માં માસ રૂરલ હાઉસીંગ એન્ડ ફાયનાન્સ માં નોકરી કરુ છુ. એ વાત ખરી છે કે મારા ઇન્કમએફીડેવીટ ના એ /૭ માં મારો માસીક ખર્ચ જણાવેલ નથી. એ વાત ખરી છે કે મારા ઇન્કમએફીડેવીટમાં સી/૩ માં મારા માતા પિતાનો માસીક ખર્ચ રૂ. ૧૫,૦૦૦/- બતાવેલ છે. એ વાત ખરી છે કે મારા માતા પિતાને કોઈ શારીરીક બીમારી નથી અને મને પણ કોઈ શારીરીક કે માનસીક બિમારી કે ખોડ ખાપણ નથી. એ વાત ખરી છે કે અરજદારો મારા થી અલગ રહે છે ત્યારથી આજદિન સુધી તેઓના ભરણપોષણની મે કોઈ વ્યવસ્થા કરેલ નથી. એ વાત ખરી છે કે મારી દિકરી હાલમાં ધોરણ ૬ માં અંગ્રેજી માધ્યમ લાયન્સ સ્કુલ ખાતે અભ્યાસ કરે છે. એ વાત ખરી છે કે મારી દિકરીનો તમામ ખર્ચ અરજદાર ઉઠાવે છે. અરજદાર અંકલેશ્વર ખાતે ભાડાના મકાનમાં રહે છે તે મને ખબર નથી. એ વાત ખરી છે કે મારી ઇન્કમએફીવેટીમાં ઇ/૪ માં મારી દિકરિનો ખર્ચ, ટયુશનફી અત્યાર સુધી આપેલ નથી. સાહેદ જણાવે છે કે હુ અરજદાર ને ખર્ચની રકમ આપવા માંગુ છુ પરંતુ તે કેસ કરવાનુ કહે છે. એ વાત ખરી છે કે મે આજરોજ રજુ કરેલ નિ. ૩૨/૧ વાળિ પગાર સ્લીપમાં કોઈ અધીકારીનો સીક્કો કરવામાં આવેલ નથી. અને તે એક ઝેરોક્ષ નકલ છે. મે મારા ઇન્કમએફીડેવીટમાં એચ/૫ ના કોલમમાં જણાવેલ માહીતીમાં મારો કોઇ માસીક ખર્ચ આંકડામાં જણાવેલ નથી કે તેના પુરાવા રજુ નથી. મને મારા ઇન્કમએકીડેવીટમાં જે/૧ ના કોલમમાં મારા જિવન સાથી નો સૈક્ષણીક અભ્યાસ બતાવેલ નથી. એ વાત ખરી છે કે અરજદાર સોહમ એજન્સીમાં નોકરી કરી માસીક રૂ. ૮૦૦૦/- પગાર મેળવે છે તે દર્શાવતો કોઈ દસ્તાવેજી પુરાવો આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે તેના માતા પિતાની મિલ્કતમાં રહે છે તેવુ મારા આવકના સોગંધનામાં જણાવેલ છે તે બાબતનો કોઈ પુરાવો રજુ કરેલ નથી. મને આંક ૮ બતાવવામાં આવે છે જેમાં મારા જવાબમાં અરજદાર તેના ભાઈ તથા કાકા કાકી સાથે ભાડુઆતના મકાનમાં રહે છે તેવુ જણાવેલ છે. એ વાત ખરી છે કે અરજદાર મને દાબ દબાણ અને ધમકી ઓ આપતા હતા તેવુ મારા જવાબ તથા સોગંધનામામાં જણાવેલ છે તે બાબતે મે કોઈ પોલીસ ફરિયાદ કરેલ નથી. એ વાત ખરી છે કે સને ૨૦૧૮ ની સાલમાં અરજદારે ભરૂચ કોર્ટ માં કેસ કરેલો અને તેમાં સમાધાન કરી ભાડાના મકાનમાં રહેવા ગયેલા તેવુ મારા જવાબ તથા સોગંધનામામાં જણાવેલ છે

તે બાબતનો કોઈ પુરાવો આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે અરજદાર તથા મારી દીકરીને તેડી જવા માટે મે આજદિન સુધી કોઈ નોટીશ મોકલાવેલ નથી કે કોઈ કેસ પણ કરેલ નથી. એ વાત ખરી નથી કે અરજદાર ના કાકી ના નામે આરબીએલ બેંક માંથિ ગ્રુપ લોન રૂ. ૩૫૦૦૦/–ની લીધેલ હતી. એ વાત ખરી છે કે મારો અરજદાર સાથે નવેમ્બર સને ૨૦૨૧ માં ઝગડો થયેલો. એ વાત ની મને ખબર નથી કે આ ઝગડાના કારણે અરજદાર ને ઈએઆઈ હોસ્પીટલ જીઆઇડીસી ખાતે ૧૦ દિવસ માટે દાખલ કરેલ હતા. એ વાત ખરી છે કે મારા પિતા ભરૂચ નગરપાલીકામાં નોકરી કરતા હત અને હાલમાં નિવ્રુત છે અને હાલમાં તેઓને પેન્શન ચાલુ છે. એ વાત ની મને ખબર નથિ કે અરજદાર હાલમાં કોઈ જગ્યાએ નોકરી કરતા નથી. એ વાત ખરી છે કે હુ રીધ્ધી સીધ્ધી એન્ટરપ્રાઈઝમાં નોકરી કરતો હતો. એ વાતખરી નથી કે રીધ્ધી સિધ્ધી એન્ટરપ્રાઈઝમાં મારો માસીક રૂ. ૧૬,૦૦૦/– પગાર હતો. હુ હાલમાં બે જગ્યા એ નોકરી કરતો નથી. એ વાતખરી છે કે તા. ૩૦/૧૦/૨૦૨૪ ના રોજ રિધ્ધી સિધ્ધી એન્ટરપ્રાઈઝ માંથી દિવાળી બોનસ રૂ. ૫૦૦૦/– મળેલ હતુ. એ વાત ખરી છે કે હુ રિધ્ધી સિધ્ધી એન્ટરપ્રાઈઝ પાસેથી હાથ ઉછીના નાણા લઉ છુ. એ વાત ખરી છે કે મારા સ્ટેટમેન્ટ માં રિધ્ધી સિધ્ધી એન્ટરપ્રાઈઝ ને ઉછીના નાણા પરત કરતો હોઉ તેવી કોઈ નોધ નથી, સાહેદ જણાવે છે કે હુ રોકડ રકમ પરત કરુ છુ. એ વાતક ખરી છે કે હુ હાલમાં નોકરી કરુ છુ ત્યાં મને પગાર સિવાયનુ ઈન્સેન્ટીવ મળે છે સાહેદ જણાવે છે કે કોઇક વખત મળે છે. એ વાત ખરી છે કે કોઇ વ્યક્તિ શહેરમાં ભાડેથી રહેતી હોય તો માસીક રૂ. ૫૦૦૦/– જેટલુ ભાડુ અને રૂ. ૫૦૦/– જેટલુ લાઇટ બીલ આવી શકે છે. એ વાત ખરી નથી કે સોગંધપર ખોટી જુબાની આપુ છુ.

**મુદા નંબર–૧ થી ૩ ની સંયુકત ચર્ચા :–**

(૧૦) સદરહું મુદાઓ એકબીજા સાથે સુસંગત હોઈ સદરહું મુદાઓની ચર્ચા હકીકતોનું પુનરાવર્તન ટાળવા માટે એકી સાથે કરવામાં આવે છે. આ કામમાં અરજદાર ધ્વારા ડોમેસ્ટીક વાયોલેન્સ એકટ–૨૦૦૫ ની જોગવાઈઓ અન્વયેની અરજી અત્રેની કોર્ટમાં દાખલ કરવામાં આવેલ અને ત્યારબાદ પ્રોટેકશન ઓફીસર પાસેથી અરજી અન્વયે ડોમેસ્ટીક વાયોલેન્સ રીપોર્ટ મંગાવવા યાદી કરતા સદરહું ઘરેલુ હિંસા અધિનિયમ–૨૦૦૫ અન્વયે પ્રોટેકશન ઓફિસર મારફતે અરજદારના જણાવ્યા અનુસાર સામાવાળા નં.૧ નાઓને પર સ્ત્રી સાથે આડા સબંધ હોવાના કારણે તેમજ દારૂનુ સેવન તથા શંકાશીલ (વહેમ) ના કારણે અરજદાર બહેનની સાથે મારઝુડ, ગાળા

ગાળી અને અભદ્ર વર્તન કરવામાં આવેલ છે. સામાવાળા નં.૧ થી ૪ નાઓ દવારા નાની નાની બાબતો લઈને અરજદાર બહેનને મેણાટોણા મારી માનસીક ત્રાસ આપવામાં આવેલ છે. સામાવાળા નં.૧ નાઓ દવારા અરજદાર બહેનને પત્ની તરીકેનો દરજજો આપવા માંગતા નથી. તેમજ સદરહું અરજદાર ધ્વારા સદરહું કાયદાની કલમ ૧૮,૧૯,૨૦,૨૧,૨૨ મુજબ હુકમ મેળવવા માટે અરજ ગુજારવા અંગેનો રીપોર્ટ આંક –૦૪ થી પ્રસ્તુત છે જે રીપોર્ટ પ્રોટેકશન ઓફિસર રૂબરૂ અરજદાર ધ્વારા લખાવવામાં આવેલ છે જેથી સદર આંક–૦૪ વાળા રીપોર્ટને ન માનવાને કોઈ કારણ રહેતુ નથી.

વધુમાં સામાવાળાએ તેમના પુરાવાના સોગંદનામામા આ કામના સામાવાળાના લગ્ન અરજદાર સાથે તા.૧૯/૦૫/૨૦૧૧ ના રોજ હિન્દુ ધર્મની ધાર્મિક વિધી મુજબ સમાજના લોકો તથા સાક્ષીઓની રુબરુમાં થયેલ હોવાનુ જણાવે છે. જે જોતાં અરજદાર અને સામાવાળા પતિ પત્ની હતા અને તેમની વચ્ચે ડોમેસ્ટીક રીલેશન હતા તે પ્રસ્થાપિત થાય છે હવે જોવાનું તે રહે છે કે આ ડોમેસ્ટીક સંબંધમાં હિંસા થયેલી હતી કે કેમ તે અનુસંધાને અરજદારે તેમની આંક–૧ ની અરજીમાં તથા આંક– ના પુરાવાના સોંગદ નામામાં જણાવેલ છે કે, અરજદારના લગ્ન આ કામના સામાવાળા નં .૧ સાથે તા.૧૯/૦૫/૨૦૧૧ ના રોજ હિંદુ શાસ્ત્ર મુજબ હિંદુ ધર્મની ધાર્મિક વિધી મુજબ સમાજના લોકો તથા સાક્ષીઓની રૂબરૂમાં થયેલ હતા. અરજદારના ભાઈ અને કાકા–કાકીએ તથા સગા–સંબંધીઓ ધ્વારા આપવામાં આવેલ કરિયાવરનો સરસમાન તથા લગ્ન સમયે મળેલ ભેટ સોગાદો તેમજ ૮ ચાંદીની લંકી, ૨ સોનાની વીટી, ૧ સોનાની ચેન, ચાંદીના સાકળા, ચાંદીના ઝૂંડો, ચાંદીની વીટી, ચાંદીનો દોરો, ઘડિયાળ, તીજોરી કબાટ, તથા કપડા તથા અન્ય વાસણો તથા અન્ય ભેટ સોગાદો સાથે અરજદાર સામાવાળા નં.–૧ નાં ઘરે સંયુક્ત કુટુંબમાં ઘરસંસાર કરવા ગયેલા તેમજ અરજદારનાં શ્રીમંત સંસ્કાર વિધિ વખતે અરજદારના કાકા–કાકીએ અરજદારને ઘરનાં વાસણ, સોનાની વીટી, ઘડિયાળ, કમર ઝૂડો ચાંદીનો, આપેલ. જે હાલ સામાવાળાઓ પાસે છે. ત્યારબાદ અરજદાર સામાવાળા નં.–૧ નાં ઘરે સંયુક્ત કુટુંબમાં ઘરસંસાર કરવા ગયેલા. ત્યાં સામાવાળા નં.–૨ અશોકભાઈ ત્રિભુવનદાસ સોલંકી સસરા તથા સામાવાળા નં.–૩ સવિતાબેન અશોકભાઇ સોલંકી સાસુ નાંઓ અને સામાવાળા નં.–૪ તરૂનભાઈ અશોકભાઈ સોલંકી દિયર સાથે અરજદાર રહેતા

હતા. અરજદારને સામાવાળા નં.–૧ થકી તા.–૨૨/૦૭/૨૦૧૧ નાં રોજ પુત્રી દ્રષ્ટિ ચેતનકુમાર સોલંકીનો જન્મ થયેલ અને હાલ તે ૧૧ વર્ષ ની છે. જે ધોરણ–૬ માં લાઈન્સ ઇંગ્લીશ સ્કૂલ,જી.આઇ.ડી.સી,અંકલેશ્વર મુકામે અભ્યાસ કરે છે અને પુત્રીનાં જન્મનાં ૯ મહિના બાદ છટ્ઠી વિધિ વખતે ૨–સોનાનાં પેડલ, ૨–સોનાની વીટી, ૧–સોનાની બુટી, ૧–સોનાની કડી, અને ચાંદીના હાથના પંઝા તે તેઓની પુત્રીને આપેલ હતું. જે હાલ સામાવાળાઓ પાસે છે. અરજદાર તથા સામાવાળા નં.–૧ નાં થોડો સમય લગ્ન જીવન સારું રહેલ. થોડા સમય બાદ અરજદારને જાણવા મળેલ કે સામાવાળા નં.–૧ ને દારૂ પીવાની આદત છે. અને સામાવાળા નં.–૧ રોજબરોજ દારૂ પીને આવતા હતા અને અરજદાર સાથે ઝગડો કરતાં હતા તથા સામાવાળા નં.–૧ અન્ય પણ કેટલીક ખોટી આદતો ધરાવતા હતા, તથા સદર આદતો લગ્ન પહેલાની હોય તેમ છતાં સામાવાળા નં.–૧ તથા તેમના ઘરનાં સભ્યોએ તે હકીકત અરજદારને જણાવેલ નહીં અને અંધારમાં રાખીને સદર લગ્ન કરાવેલ હતા. ત્યારબાદ સામાવાળા નં.–૧ અવર નવાર અરજદાર સાથે ઝઘડો કરતાં હતા અને ખોટા ખોટા વહેમો અને શંકાઓ ધરાવતા હતા અને અરજદારને કોઈની સાથે વાત કરે તો સામાવાળા નં.–૧ ચેક કરતાં હતા અને કોની સાથે વાત કરતી હતી? શું વાત કરતી હતી? કેમ ફોન કરેલો? તેમ જણાવીને શક કરતાં હતા અને ના બોલવાના શબ્દ અને અપશબ્દો અરજદારને બોલતા અને ગંદી ગંદીગાળો બોલતા હતા તથા અરજદાર ખરીદી કરવા કે શાકભાજી લેવા જતાં તો વહેમ રાખતા અને પૂછપરછ કરતાં અને ક્યાં ગઈ હતી?, શું કામ હતુ?, કોની સાથે ગયેલી?, કોની સાથે શું વાત કરી?, તેમ કરી અરજદાર સાથે ઝઘડો કરતાં અને ન બોલવાના અપશબ્દ અને ગાળો બોલતા હતા, આમ છતાં અરજદારએ સામાવાળા નં.–૧ નો ત્રાસ સહન કરેલો. સામાવાળા નં.–૧ ને દારૂ પીવાની આદત હોય જેથી સામાવાળા નં.–૧ રોજબરોજ દારૂ પીને આવતા હતા અને નશાની હાલતમાં અરજદાર સાથે ઝઘડો કરતાં તથા મારપીટ કરતાં અને મારતા હતા તથા ઘરમાં તોફાન કરી સામાન તોડી નાખતા અને ગાળો બોલતા, તથા અરજદારને સામાવાળા નં.–૧ થી સામાવાળા નં.–૪ નાં સાસુ, સસરા, તથા સામાવાળા નં.–૧ એ અરજદારને હેરાનગતિ શારીરિક તથા માનસિક ત્રાંસ આપતા. આમ, સામાવાળા નં.–૧ એ અરજદારને લગ્ન થયા બાદથી જ હેરાન પરેશાન કરવાનું અને દારૂ પીને માર મારવાનું ગાળો બોલવાનું, અપમાનિત કરવાનું શરૂ કરી દીઢેલ અને અસહય ત્રાસ આપના અને અરજદારને ઘરમાં બહાર કાઢી મુકેલ હતા. અરજદાર તેમની સરતપાસમા જે હકીકત જણાવે છે તે અનુસંધાને સામાવાળા તર્ફે અરજદારની ઉલટ તપાસ કરવામાં

આવેલી છે પરંતુ કોઈ ફળભુત હકીકત રેકર્ડ પર આવેલી નથી કે સામાવાળાએ અરજદારને મહેણા ટોણા મારી અપમાનીત કરેલ નથી કે મારઝુડ કરેલ નથી અને અરજદારની સાથે રહેવા આવેલા નથી. આમ કોઈ પણ કારણ વિના અરજદારનું સામાવાળાએ ત્યાગ કરેલ હોવાનું અરજદારે તેમના પુરાવાના સોંગદનામામાં જણાવેલ છે જેની સામે સામાવાળા પક્ષેની ઉલટતપાસમાં આવી કોઈ હકીકત બનેલી ન હોવાની કે અરજદારે જણાવેલ મૌખીક પુરાવા વિરૂધ્ધની કોઈ હકીકત રેકર્ડ પર આવતી નથી. વધુમાં સામાવાળાએ તેમની આંક–૨૯ ના પુરાવાના સોંગદનામામાં અરજદાર સાથે તા.૧૯/૦૫/૨૦૧૧ ના રોજ લગ્ન થયેલ હોવાની હકીકતનો સ્વિકાર કરેલો છે પરંતુ તેમની જુબાનીથી અરજદારે તેમની જુબાનીમા જે હકીકત જણાવેલી છે તે હકીકત વિરુધ્ધ કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલી નથી. તે જોતાં તથા પ્રોટેકશન ઓફીસર શ્રીનો રીપોર્ટ ધ્યાને લેતા સામાવાળાએ અરજદાર સામે ઘરેલું હિંસા કરેલાનું સાબીત કરવામાં અરજદાર સફળ રહેલા છે.

આમ, સમગ્ર રીતે ઉપરોકત ચર્ચાને અંતે અરજદાર ધ્વારા આંક–૧ ની હકીકતો મુજબ તેમનો પુરાવો પ્રસ્તુત કરેલ હોય તેમજ પ્રોટેકશન ઓફિસરના રીપોર્ટને ધ્યાને રાખી સમગ્ર રીતે અરજદાર સામાવાળા તરફેના ઘરેલુ હિંસાના ભોગ બનેલાનુ પુરવાર થતુ હોય ત્યારે **મુદા નં. ૧** નો જવાબ હકારમાં આપવા પ્રેરાઉ છુ.

(૧૧) અરજદારે તેમની અરજીમાં સામાવાળાઓએ શારિરીક તેમજ માનસીક ત્રાસ આપેલ હોય જેથી અરજદારને હેરાન કરે તેમ હોય કલમ–૧૮ મુજબ પ્રોટેકશન આપતો હુકમની માં ગણી કરેલી છે અને સામાવાળાઓએ અરજદારને શારીક તેમજ માનસીક ત્રાસ આપેલ જેથી પ્રોકટેશન આપતો હુકમ ફરમાવવાની દાદ માંગેલી છે જે જોતા તથા પ્રોટેકશન ઓફીસરનો રીપોર્ટ જોતા સામાવાળાને અરજદારને ત્રાસ મળેલો છે ત્યારે ભવિષ્યમાં અરજદારને હેરાનગતી થાય નહિ તે માટે પ્રોટેકશનનો હુકમ કરવો યોગ્ય જણાય આવે છે.

વધુમાં, અરજદારે તેઓ તથા તેમની દિકરીના ભરણપોષણ માટે રૂા.

૩૦,૦૦૦/– સામાવાળા નં.૧ ચુકવી આપે તેવી દાદ માંગેલી છે. અરજદારે તેમના પુરાવાના સોગંદનામામા જણાવેલ છે કે, સામાવાળા નં.–૧ તેઓના પતિ રિધ્ધિ–સિધ્ધી એન્ટરપ્રાઈઝ માં નોકરી કરે છે. અને તેમનો આશરે રૂ.૩૦,૦૦૦/– (અંકે ત્રીસ હજાર પુરા)ની રકમ જેટલો માસિક પગાર છે. તથા સામાવાળા નં.–૨ ભરૂચ નગર પાલિકામાં નોકરી કરતાં હતા અને તેઓ રીટાયર્ડ છે અને તેમનું માસિક પેન્શન આશરે રૂ.૨૦,૦૦૦/– (અંકે વીસ હજાર પુરા)ની રકમ જેટલુ છે. આમ, સામાવાળા નં.–૧ ની માસિક રૂ.૩૦,૦૦૦/– (અંકે ત્રીસ હજાર પુરા) ની રકમ જેટલી આવક ધરાવે છે. જેથી સામાવાળા નં.–૧ પર અરજદાર તથા પુત્રી દ્રષ્ટિ સિવાય અન્ય કોઈની ભરણપોષણની જવાબદારી ન હોવાનુ જણાવે છે. વધુમાં આ કામે સામાવાળા પોતાના પુરાવામા પોતે ધો.૯ સુધી અભ્યાસ કરેલો છે તથા સામાવાળા MAS RURAL HOUSING & MORTGAGE FINANCE LTD. અંકલેશ્વર ખાતે નોકરી કરી માસિક રૂપિયા ૧૨,૦૦૦/– પગાર ધરાવે છે. સામાવાળાના માતા–પિતા ખૂબ જ વયોવૃદ્ધ છે. તથા તેઓની પણ જવાબદારી સામાવાળા નં.૧ ઉપર છે. તથા સામાવાળા નં. ૧ નો નાનો ભાઈ અલગ તેમના ઘર પરિવાર સાથે રહે છે. જેથી પણ સામાવાળા નં. ૧ ઉપર માતા–પિતાની તથા બીજી સામાજીક જવાબદારીઓ પણ છે. તેમ જણાવેલ છે. આ કામે અરજદારે સામાવાળા નં.૧ રૂ.૩૦,૦૦૦/– (અંકે ત્રીસ હજાર પુરા)ની રકમ જેટલો માસિક પગાર મેળવતા હોવાનો કોઇ પુરાવો રજુ કરેલ નથી. જેની સામે સામાવાળાએ આંક–૩૦ થી રજુ એફીડેવીટમાં પોતાની માસીક આવક રૂા.૧૨,૦૦૦/– હોવાનુ જાહેર કરેલ છે. તેમજ, સામાવાળા તરફે આંક–૩૪ ના લીસ્ટથી દસ્તાવેજ રજુ કરી પોતાની આવક રૂા.૧૨,૦૦૦/– જેટલી હોવાનુ પુરવાર કરેલ છે. આમ, રેકર્ડ પરના પુરાવાથી સામાવાળા પાસે આવકના પુરતા સાધન હોવાનુ પુરવાર થાય છે. વધુમાં એબલ બોડીના સિધ્ધાંત મુજબ પણ સામાવાળા પાસે આવકના પુરતા સાધનો હોવાનું માની શકાય તેમ છે. રોજીંદી જીંદગીમાં વ્યકિતઓ તથા જુદા જુદા પદાધિકારી, સેવા નિયુકત કે અન્ય પ્રતિષ્ઠિત ગણી શકાય તેવા મોભાદાર કામ કરતા વ્યકિતઓમા, સેવાઓમાં, વ્યવસાયમા તાર્કીક અભ્યાસ ધ્યાને લેવામા આવે તો હાલના સામાવાળા નોકરી કરે છે તે નિર્વિવાદીત છે તેઓ વેલ મેન્ટેઈન છે તે પણ નિર્વિવાદીત છે.વધુમાં સામાવાળાએ ઉલટ તપાસમાં જણાવે છે કે, '' એ વાત ખરી છે કે, મારી દિકરી હાલમાં ધોરણ ૬ માં અંગ્રેજી માધ્યમ લાયન્સ સ્કુલ ખાતે

અભ્યાસ કરે છે. એ વાત ખરી છે કે, મારી દિકરીનો તમામ ખર્ચઅરજદાર ઉઠાવે છે. વધુમા સામાવાળાએ તેમના જવાબ તથા સરતપાસમા જણાવ્યા મુજબ આ કામના અરજદારે સામાવાળા નં.૧ કરતા વધુ અભ્યાસ કરેલ છે અને આ કામના અરજદાર પોતે સોહમ એજન્સી માં કામ કરી મહિને રૂપિયા ૮,૦૦૦/- જેટલી આવક ધરાવે છે. અને આ કામના અરજદાર સામાવાળા કરતા વધારે સક્ષમ છે. અને સારો એવો પગાર મેળવી પોતે પોતાનું ગુજરાન ચલાવી શકે છે. હવે આ બાબતે ચર્ચા કરીએ તો જો અરજદાર અર્નીંગ વાઈફ હોય તો પણ તેઓને ભરણપોષણ કલેઈમ કરતા અટકાવી શકાય નહી. ***નામ.સર્વોચ્ચ અદાલતના ચતુરભુજ વિ. સીતાબાઈ રીપોર્ટેડ ઈન એ.આઈ.આર. ૨૦૦૮, એસ.સી. ૫૩૦*** ના ચુકાદો લક્ષમા લેતા સદર ચુકાદામા નામ.સર્વોચ્ચ અદાલતે રેસીયો ડીસાઈડ કરેલ છે કે, ***''અર્નીંગ વાઈફ કેન નોટ બી ગ્ર ।ઉન્ટ ટુ સ્ટોપ હર ફ્રોમ કલેમીંગ મેઈન્ટેનેન્શ અનલેશ અર્નીંગ ઈઝ સફીશીયન્ટ''*** આમ, જે રેસીયો નામ.સર્વોચ્ચ અદાલતે ડીસાઈડ કરેલ છે તેમા પણ પત્નિ આવક મેળવતી હોય તો પણ જો તે સફીશીયન્ટ આવક મેળવતી ન હોય તો તેને ભરણપોષણની માં ગણી કરતા અટકાવી શકાતી નથી. આમ, સામાવાળા જણાવે છે તેટલી આવક હોય તો પણ અરજદાર તેમનુ ભરણપોષણ કરવા કે આવક પુરતી ન હોય ઉપરોકત **ચર્તુભુજ વિ.સીતાબાઈ**ના ચુકાદામા ઠરાવ્યા મુજબ અર્નીંગ પત્નિ પણ તેની પાસે અપુરતા આવકના સાધન ન હોય તો પણ ભરણપોષણ માંગી શકે છે. જે ચુકાદાને ધ્યાને લઈ સામાવાળા તરફેની રજુઆત કે અરજદાર પોતે મહીને સારી એવી આવક ધરાવતા હોય અને પોતાનુ ગુજરાન જાતે ચલાવી શકતા હોય અને પોતાનુ ભરણ-પોષણ જાતે કરી શકે તેવા શક્ષમ છે તે ટકવાપાત્ર રહેતી નથી.

વધુમાં સામાવાળાની ભરણપોષણની જવાબદારી તેમના સિવાય અન્ય કોઈની રહેલ નથી. તેવુ અરજદાર પુરવાર કરી શકેલા નથી. દરેક પુરુષની જવાબદારી ફકત પોતાની પત્ની પુરતી નહિ પરંતુ માતા-પિતા અને સંતાનો માટે પણ રહલી હોય છે તે તર્ક સાથે સામાવાળાને તેમના પિતાની જવાબદારી પણ રહેલી હોય ભરણપોષણનો હુકમ કરતા સમયે તેમની અન્ય જવાબદારીઓને પણ ધ્યાને લેવી વાજબી જણાય આવે છે. સામાવાળા પાસે આવકના પુરતા સાધનો હોવા

છતાં સામાવાળાએ અરજદારના ભરણપોષણની કોઈ વ્યવસ્થા નહી કરેલ હોવાનું જણાય છે. આમ, સામાવાળા આવા સંજોગોમાં રૂા.૧૨,૦૦૦/– કમાતા હોવાનુ રેકર્ડ ઉપર આવતુ હોય અને તેમની અન્ય પરીવારના સભ્યોની ભરણપોષણની જવાબદારીની રકમને ધ્યાને લેતા અરજદારને માંગ્યા મુજબની પુરેપુરી રકમ ભરણપોષણ ચુકવવાના વિકલ્પે અરજદારને માસીક રૂા.૨૦૦૦/– તથા અરજદારની પુત્રીને માસીક રૂા.૧૦૦૦/– એમ કુલ રૂા.૩,૦૦૦/–લેખે પ્રતિમાસ ભરણ–પોષણ ચુકવવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાશે તેમ મારૂ માનવું છે. વધુમા રેકર્ડ ઉપરનો પુરાવો જોતા અરજદારે તેમની અરજીમાં માંગેલ દાદો પૈકીની દાદ મેળવવા હકકદાર બનતા હોય જે તમામ હકીકત ધ્યાને લેતા મુદા નં.૨ નો જવાબ અંશત:હકારમાં ઠરાવી મુદા નં.૩ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## :: હુકમ ::–

(૧) અરજદારની અરજી **અંશત: મંજુર** કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સામાવાળાઓએ અરજદાર જયાં રહે છે ત્યાં અથવા કોઈપણ સ્થળે કૌટુંબિક હિંસાનુ કોઈપણ કૃત્ય કરવુ નહી તેવો હુકમ ડોમેસ્ટીક વાયોલેન્સ એકટની કલમ–૧૮ હેઠળ કરવામા આવે છે.

(૩) સામાવાળા નં.૧ નાએ અરજદારને માસીક રૂા.૨૦૦૦/–(અંકે રૂપિયા બે હજાર) તથા અરજદારની દિકરીના માસીક રૂા.૧૦૦૦/– (અંકે રૂપીયા એક હજાર) એમ કુલ મળી રૂા.૩૦૦૦/– ભરણપોષણ પેટે અરજીની તારીખથી ચઢે ચઢયા ચૂકવવાનો આદેશ કરવામા આવે છે. વધુમાં જો સામાવાળા સામે અન્ય કોઈ પ્રર્વતમાન કાયદા અન્વયે અરજદારને ભરણપોષણની રકમ ચુકવવા માટેનો હુકમ સક્ષમ અદાલત ધ્વારા કરવામા આવેલ હોય તો હાલના હુકમ મુજબની માસીક ભરણપોષણની રકમ સામાવાળાને મજરે આપવાની રહેશે.

(૪) હુકમ મુજબ હકુમત ધરાવતાં પોલીસ સ્ટેશનને યાદી કરવી.

(૫) આ હુકમની નકલ અરજદારને ડોમેસ્ટીક વાયોલેન્સ એકટની કલમ–૨૪ અન્વયે વિના મુલ્યે પૂરી પાડવી.

આ હુકમ આજ **તા.૨૪ મી,** માહે **જુન** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : અંકલેશ્વર
તારીખ : ૨૪ –૦૬–૨૦૨૬

**(મિતેષકુમાર કિરીટકુમાર મહેતા )**
બીજા એડી.ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ ,
અંકલેશ્વર.
કોડ નં.જી.જે.૦૧૨૨૫